**આજનો સુવિચાર**

માર્ગમાં અડધેથી પાછા ફરવાનો કોઈ અર્થ નથી કારણ કે લક્ષ્ય સુધી પહોંચવા માટે તમારે પૂર્ણ અંતર કાપવું પડશે.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૩૦૦ જૂનાગઢ તા.૦૭-૧૨-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 300, Junagadh : Date : 07 December, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## વડાપ્રધાનનાં અધ્યક્ષ સ્થાને ભાજપ સંસદીય બોર્ડની બેઠક શરૂ
## રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢનાં મુખ્યમંત્રીની વરણી માટે કવાયત

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૭


હિન્દી બેલ્ટના ત્રણ મહત્વના રાજયયોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ તથા છતીસગઢમાં બહુમતી મેળવનાર ભાજપે પણ હવે મુખ્યમંત્રીઓની પસંદગીની પ્રક્રિયા આજથી શરુ કરી છે અને ગઈકાલે વિધાનસભામાં ચુંટાયેલા કેન્દ્રીય મંત્રીઓ સહિત ભાજપના ૧૦ સાંસદોએ રાજીનામા આપીને પ્રથમ પ્રક્રિયા શરુ કરી છે. બીજી તરફ રાજસ્થાનમાં મુખ્યમંત્રીના સૌથી મજબૂત દાવેદાર ગણાતા પુર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેને દિલ્હીનું તેડું આવતા તેઓ ગતરાત્રીના જ પાટનગર પહોંચી ગયા છે અને આજે સવારે ભાજપ સંસદીય દળની બેઠકમાં તેઓ હાજર રહેશે

તો વડાપ્રધાન ખાસ રીતે રાજસ્થાનના ભાજપના સાંસદોને મળશે જેમાં પણ વસુંધરા રાજે સહિતના સીનીયર નેતાઓ હાજર રહેશે. આજે વસુંધરા રાજે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ અને રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાની સાથે મુલાકાત કરશે. રાજસ્થાનમાં તેઓ ઉપરાંત બે કેન્દ્રીય મંત્રીઓ અર્જુન રાવ મેઘવાલ, ગજેન્દ્રસિંહ શેખાવત, દીયાકુમારી, બાબા બાલકનાથ અને રાજેન્દ્ર રાઠોર પણ રેસમાં છે. જો કે બે કેન્દ્રીય મંત્રીઓએ વિધાનસભા ચુંટણી લડી નથી પણ માનવામાં આવે છે કે ભાજપ વસુંધરા રાજેના દાવાને સરળતાથી નજર અંદાજ કરી શકશે નહી. છતીસગઢમાં ભાજપે છતીસગઢમાં પણ પ્રચંડ બહુમતી મેળવી છે અને અહી પુર્વ પ્રમુખ રમણસિંઘ જેઓ ત્રણ ટર્મ માટે સીએમ રહી ચુકયા છે. તેઓને ફરી તક નહી આપે તે આદિવાસી મહિલા તરીકે કેન્દ્રીય મંત્રી રેણુકાસિંહનું નામ મોખરે છે.

મધ્યપ્રદેશમાં એક તરફ વર્તમાન મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણ મુખ્યમંત્રીપદની રેસમાં નથી અને દિલ્હી પણ જવાતા નથી તેવું કહીને સસ્પેન્સ ઉભુ કર્યુ છે પણ માનવામાં આવે છેકે તેમને દિલ્હી ખસેડાશે અને કેન્દ્રીય કૃષિ મંત્રાલયનો કારભાર સોપી શકાય છે. તે સ્થિતિમાં મોદી કેબીનેટના બે ચહેરા જેઓએ ગઈકાલે જ રાજીનામા આપ્યા છે તે નરેન્દ્રસિંહ તોમર અને પ્રહલાદ પટેલના નામ ચર્ચામાં છે. શિવરાજ ચૌહાણે ચાર ટર્મની મુદત પુરી કરી છે પણ તેઓ આડકતરી રીતે તેમની દાવેદારી મજબૂત કરી રહ્યા છે. જો કે હજું એક પણ રાજયમાં ચુંટાયેલા ધારાસભ્યોની બેઠકની તારીખ કે સમય નિશ્ચીત થયો નથી તેથી હજું આ સપ્તાહના અંતે શનિ-રવિમાં નવા મુખ્યમંત્રીઓની પસંદગી પુરી થશે તેવા સંકેત છે.

## તેલંગાણામાં કોંગ્રેસનું રાજ મુખ્યમંત્રીપદે રેવંત રેડ્ડીની શપથવિધિ

### મીઝોરમમાં ઝેડપીએમ પક્ષની સરકાર બનશે : આવતીકાલે ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી લાલદુહોમા મુખ્યમંત્રીપદે શપથ લેશે



હૈદ્રાબાદ તા. ૭

તેલંગાણામાં કોંગ્રેસને પ્રચંડ બહુમતી મળતા આજે મુખ્યમંત્રી પદે રેવંત રેડ્ડીની શપથવિધિ યોજાઈ રહી છે. બીજી તરફ મીઝોરમમાં પણ સતા પરિવર્તન થતા હવે જોરમ પીપુલ્સ મુવમેન્ટની સરકાર રચાશે નવા મુખ્યમંત્રી તરીકે પુર્વ આઈપીએસ અધિકારી લાલદુહોમા આવતીકાલે મુખ્યમંત્રી પદના શપથ લેશે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ તેલંગાણાનાં પાટનગર હૈદ્રાબાદ ખાતે શપથવિધિનો કાર્યક્રમ યોજાઈ રહયો છે જેમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી, કર્ણાટકનાં મુખ્યમંત્રી સીધ્ધારમૈયા, ડી. કે. શિવકુમાર સહિતનાં નેતાઓ હાજર છે. મુખ્યમંત્રીનાં શપથવિધિ કાર્યક્રમમાં કોંગ્રેસનું શકિત પ્રદર્શન થઈ રહયું છે. રેવંત રેડ્ડીની સાથે તેમના મંત્રીમંડળનાં ૧૧ સભ્યોની પણ શપથવીધિ થઈ રહી છે. એકની નાયબ મુખ્યમંત્રી પદે વરણી કરવામાં આવી છે.


## વિશ્વની સૌથી શકિતશાળી ૧૦૦ મહિલાઓની યાદીમાં ભારતની પાંચ મહિલા





ન્યુયોર્ક,તા. ૭: ફોર્બ્સની પાવરફૂલ મહિલાઓની વાર્ષિક યાદીમાં વિશ્વની ૧૦૦ સૌથી શકિતશાળી મહિલાઓની યાદીમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ સહિત ભારતીય મૂળની ચાર મહિલાઓને સ્થાન મળ્યું છે. જોકે, નિર્મલા સીતારમણને આ યાદીમાં પાંચમી વાર સ્થાન મેળવ્યું છે. ફોર્બ્સની પાવરફૂલ મહિલાઓની વાર્ષિક યાદીમાં દુનિયાની ૧૦૦ સૌથી શકતિશાળી મહિલાઓમાં યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન પહેલા સ્થાને છે. તેમના પછી યુરોપિયન સેન્ટ્રલ બેન્કના બોસ ક્રિસ્ટિન લેગાર્ડ બીજા ક્રમે છે, જયારે અમેરિકી રાષ્ટ્રપતિ કમલા હેરિસ આ યાદીમાં ત્રીજા સ્થાને છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે ફોબ્સની સૌથી શકિતશાળી મહિલાઓની યાદીમાં ૩૨માં સ્થાને છે. નિમર્લા સીતારમણ સિવાઁકોર્પોરેશનના રોશની નાડર મલ્હોત્રા(૬૦મા રેન્ક), સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડીયાના અધ્યક્ષ સોમા મંડલ(૭૦મા રેન્ક) અને બાયોકોનના સંસ્થાપક કિરણ મજમુદાર શો ૭૬મો રેન્ક) ધરાવે છે.

## ધ્રાંગ્રધા નજીક ગમખ્વાર અકસ્માત : ચાર યુવાનોનાં મોત



ધ્રાંગધ્રા તા. ૭

ધ્રાંગધ્રા બાયપાસ રોડ પર કાર અકસ્માત સર્જાતા હળવદના ગોલાસણ ગામના ચાર યુવાનોના ગંભીર ઈજા થવાથી મોત નિપજેલ છે. આ ઘટનાના પગલે ભારે અરેરાટી પ્રસરી જવા પામી છે. કાર ચાલક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા કાર ડિવાઈડર કુદીને સામે આવતા વાહન સાથે અથડાઈ પડતા આ ઘટના ઘટી હતી.

આ અંગે મળતી વિગતો મુજબ હળવદ તાલુકાના ગોલાસણ ગામે રહેતા યુવાનો કાર લઈને ધાંગધ્રા તાલુકાના નરાડી ગામે લગ્ન પ્રસંગમાં ગયા હતા અને ત્યાંથી લગ્ન પ્રસંગ પૂરો કરીને રાત્રિના સમયે પરત આવી રહ્યા હતા ત્યારે સ્વિફ્ટ કારના સ્ટેરિંગ ઉપરથી કાબુ ગુમાવી દેતા કાર ડિવાઈડર કૂદીને સામેથી આવતા વાહન સાથે અથડાઈ ગઈ હતી અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો અને આ અકસ્માતના બનાવમાં કારની અંદર બેઠેલા સાત યુવાનોમાંથી ચાર યુવાનોના મોત નીપજયાં છે અને ત્રણ યુવાનો સારવાર હેઠળ છે.

વધુમાં સૂત્રો પાસેથી જાણવા મળતી માહિતી પ્રમાણે અકસ્માતના આ બનાવમાં કિરણભાઈ મનુભાઈ સુરેલા (૧૮), ઉમેશભાઈ જગદીશભાઈ (૧૫), કરસનભાઈ ભરતભાઈ (૨૩) અને કાનજીભાઈ ભુપતભાઈ (૧૮) નામના ચાર યુવાનોના મોત નીપજયા હોવાની પ્રાથમિક વિગત મળી રહી છે અને આ અકસ્માતના બનાવમાં કાનજીભાઈ રાયધનભાઈ સુરેલા, અમિતભાઈ જગદીશભાઈ ઉકેડીયા અને એક અજાણ્યો વ્યક્તિ આમ કુલ મળીને ત્રણ વ્યક્તિઓને ઈજા થઈ હોવાથી તેને સારવાર માટે ખસેડવામાં આવેલ છે અને અકસ્માતના આ બનાવની ધાંગધ્રા તાલુકા પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ચીનમાં હાહાકાર મચાવનાર રહસ્યમય ન્યુમોનિયાની ભારતમાં એન્ટ્રી : એઈમ્સમાં ૭ કેસ નોંધાયા

નવી દિલ્હી, તા.૭ :

ચીનમાં હાહાકાર મચાવી રહેલા રહસ્યમય ન્યુમોનિયાની હવે ભારતમાં એન્ટ્રી થઈ ગઈ છે. દિલ્હી એઈમ્સમાં તેના ૭ કેસ આવતા આરોગ્ય વિભાગ દોડતો થઈ ગયો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ કેસ એપ્રિલથી સપ્ટેમ્બર મહિના દરમ્યાન નોંધાયા છે. એઈમ્સે જયારે આ પ્રકારના દર્દીઓ પર સંશોધન કર્યુ ત્યારે આ બીમારી સાથે સંકળાયેલ બેકટેરીયા માઈક્રોપ્લાઝમાં ન્યુમોનિયા વિષે જાણવા મળ્યું હતું.

આ વાયરસથી થતો ન્યુમોનિયા સામાન્ય રીતે હળવો હોય છે. તેથી તેને ન્યુમોનિયા પણ કહેવાય છે. અલબત્ત તેના કેસ ગંભીર પણ હોઈ શકે છે. ડો. ચૌધરીએ જણાવ્યું હતું કે આ એમ ન્યુમોનિયા પામેલા ભારતે ધ્યાન આપવું પડશે. ભારતે માઈક્રો પ્લાઝમાં ન્યુમોનિયાની તપાસ માટે દેખરેખ વધારવાની જરુર છે. હાલ તો માત્ર એઈમ્સ તેમજ દિલ્હીના કેટલાક અન્ય કેન્દ્રો પર નજર રાખવામાં આવી રહી છે. લેન્સેટના રિપોર્ટમાં વિગત છે કે જે દેશોમાં ન્યુમોનિયમાં ઉભરી આવ્યો છે ત્યાં કેસોની સંખ્યા લગભગ મહામારી પહેલાની સંખ્યા જેટલી છે.

## રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સચિન, વિરાટ, અંબાણી, અદાણી, ટાટા, અમિતાભ, અક્ષયને આમંત્રણ

લખનૌ તા. ૭

અયોધ્યામાં નવા ભવ્ય મંદિરમાં રામ લલ્લાના પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન દેશની જાણીતી હસ્તીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.જેમાં કલાકારો, સાહિત્યકારો, ધાર્મિક નેતાઓ અને રમત જગતની મોટી હસ્તીઓ સામેલ છે. ૨૨ જાન્યુઆરીના આમંત્રણમાં જે અગ્રણી નામો મોકલવામાં આવ્યા છે તેમાં અમિતાભ બચ્ચન, અક્ષય કુમાર, આશા ભોસલે, રતન ટાટા, મુકેશ અંબાણી - અદાણીનું નામ સામેલ છે.

આ ઉપરાંત રમત જગતમાંથી સચિન તેંડુલકર, વિરાટ કોહલી જેવા નામો પણ આ યાદીમાં સામેલ છે અને આ યાદીમાં બીજા ઘણા નામો પણ સામેલ થશે. વડાપ્રધાન મોદી ૨૨ જાન્યુઆરીએ નવા મંદિરનું ઉદ્‌ઘાટન કરશે અને તેમના હાથે રામલીલાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે.

## અદાણી પોર્ટનાં શેરનો ભાવ ૧૦ મહિનામાં ત્રણ ગણો વધ્યો



મુંબઈ તા. ૭ : હિંડનબર્ગ આગને કોણ ભૂલી શકે ? જેણે અદાણીના શેરને સંપૂર્ણ રીતે નષ્ટ કરી નાખ્યા હતા. ઘણા રોકાણકારોએ તેમના નાણાં ગુમાવ્યા હતા. ૧૦ દિવસમાં કંપનીઓના શેરનાં ભાવ અડધા થઈ ગયા હતા. હિડનબર્ગ રિપોર્ટ આવ્યા બાદ કંપનીના શેરમાં લગભગ ૫૦ ટકાનો ઘટાડો થયો હતો, પરંતુ ૨૪ મેના રોજ કંપનીના શેર ૨૪ જાન્યુઆરીએ જયાં હતા ત્યાં જ ઉભા હતા. હવે ડિસેમ્બર શરૂ થઈ ગયો છે. કંપનીના શેર ૧૦ મહિનામાં ૧૭૫ ટકા વધ્યા છે. મતલબ કે જો કોઈ રોકાણકારે ૩ ફેબ્રુઆરીના નીચલા સ્તરે શેર ખરીદ્યા હોત, તો તેના શેરની કિંમત ૧૭૪ ટકા એટલે કે લગભગ ત્રણ ગણી વધી ગઈ છે.

## હવે કાતિલ ઠંડીનો દોર શરૂ થશે

નવી દિલ્હી, તા.૭:

ગુલાબી ઠંડીના યુગનો હવે અંત આવી રહ્યો છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ પહાડો પર હિમવર્ષા થવાની સંભાવના વધી ગઈ છે. હવામાનમાં આ મોટો ફેરફાર સમગ્ર ઉત્તર ભારતમાં થવા જઈ રહ્યો છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે આ સપ્તાહે હરિયાણા, પંજાબ, રાજસ્થાન, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, ગુજરાત અને દિલ્હી એનસીઆરના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થવાની સંભાવના છે. પશ્ચિમ મધ્યપ્રદેશ જ્યારે દેશની રાજધાની દિલ્હીમાં ઠંડી વધી રહી છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની ગતિવિધિને કારણે ૧૧ થી ૧૩ ડિસેમ્બર દરમિયાન જમ્મુ કાશ્મીર, લેહ લદ્દાખના પહાડોમાં હિમવર્ષા થવાની સંભાવના છે. હિમાચલ પ્રદેશમાં પણ હિમવર્ષા થવાની સંભાવના છે.

## નોકરી દરમ્યાન તનાવથી ગુજરાતમાં ૩૪૧ અને અમદાવાદમાં ૭૧ લોકોએ આત્મહત્યા કરી

અમદાવાદ તા. ૭ :

તણાવપૂર્ણ નોકરીઓએ અમદાવાદ અને ગુજરાતમાં મોટા પ્રમાણમાં વ્યાવસાયિકો પર અસર કરી છે. ૭૧ની સંખ્યા સાથે અમદાવાદ શહેરમાં આત્મહત્યાના કેસોમાં ભારતમાં ત્રીજા નંબરે સૌથી વધુ સંખ્યામાં આત્મહત્યાના કેસ નોંધાયા હતા જયાં તેનું કારણ 'વ્યવસાયિક અથવા કારકિર્દીની સમસ્યાઓ' તરીકે દર્શાવવામાં આવ્યું હતું. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો દ્વારા, 'ભારતમાં અકસ્માત મૃત્યુ અને આત્મહત્યા ૨૦૨૨'ના અહેવાલ મુજબ, બેંગલુરૂમાં આ શ્રેણીમાં સૌથી વધુ ૧૨૧ મૃત્યુ થયા છે અને ત્યારબાદ દિલ્હીમાં ૭૭ મૃત્યુ થયા છે. રાજ્યવાર ૩૪૧ સાથે, ગુજરાત કારકિર્દી સંબંધિત આત્મહત્યાઓમાં બીજા ક્રમે છે જયારે મહારાષ્ટ્ર આવા ૬૪૦ મૃત્યુ સાથે પ્રથમ ક્રમે છે. રિપોર્ટ દ્વારા 'નિવૃત્ત' તરીકે ઓળખાતા વ્યકતિઓ દ્વારા આત્મહત્યાના સૌથી વધુ ૩૩૪ કેસ પણ રાજયમાં હતા. ભારતમાં નિવૃત્ત લોકો દ્વારા કુલ ૧,૨૮૮ આત્મહત્યાઓમાં ગુજરાતનો હિસ્સો ૨૬% હતો. મહારાષ્ટ્રમાં આ શ્રેણીમાં ૨૭૩ મૃત્યુ નોંધાયા છે.


**હોટેલ ગ્રીનલેન્ડ**
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND | ઠાકરથાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com





**મહાયોગી વિરેચન ચૂર્ણ**
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફ્લોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫



**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
**હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ**
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ: હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જયાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



હાર્દિક શુભેચ્છા....
**એક્ટિવ ઓર્થોપેડીક હોસ્પિટલ**
ડૉ. નિકુંજ ઠુંમર — જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન — +૯૧ ૯૦૯૯૮૮૯૧૦
ડૉ. મૌલિક ભાલોડીયા — જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન — +૯૧ ૯૦૯૯૮૯૮૬૧૦
**માતૃત્વ વુમન્સ હોસ્પિટલ**
DEDICATED TO WOMEN'S HEALTH
ડૉ. ઋજુલબેન ગજેરા ઠુંમર
M.B.B.S., M.B.D.G.O. ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાત)
સ્ત્રી રોગ, પ્રસુતિ તથા વંધ્યત્વ નિષ્ણાંત
+ ૯૧ ૭૦૧૬૪૨૨૯૮૦
આસ્થા કોમ્પલેક્ષ, કાકા કોમ્પલેક્ષની બાજુમાં, ઝાંસીની રાણીના પુતળાની સામે, સરદાર બાગ, જૂનાગઢ

# ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને ૬૧માં હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ સ્થાપના દિવસની ઉજવણી લાલ દરવાજા ખાતે કરાઈ






## લાંબી અને પ્રશંસનીય સેવા બદલ હોમ ગાર્ડઝ અને સિવિલ ડિફેન્સ કર્મચારીઓ તથા અધિકારીઓને મેડલથી સન્માનિત કરતા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી

## હોમગાર્ડઝ તથા સિવિલ ડિફેન્સના અધિકારીઓ- કર્મચારીઓ દ્વારા આયોજિત પરેડનું નિરીક્ષણ કરતા ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૭

લાલદરવાજા ખાતે ગુજરાતના ગૃહ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવીના અધ્યક્ષસ્થાને ૬૧માં હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ સ્થાપના દિવસની રાજયકક્ષાની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંત્રી હર્ષભાઈ સંઘવીના વરદ હસ્તે લાંબી અને પ્રશંસનીય સેવાઓ બદલ હોમગાર્ડઝ અને સિવિલ ડિફેન્સ અધિકારીઓને રજત તથા બ્રોન્ઝ મેડલ એનાયત કરાયા હતા. ત્યારબાદ ગૃહ રાજયમંત્રી દ્વારા હોમગાર્ડસ તથા સિવિલ ડિફેન્સના અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા આયોજિત પરેડનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને મંત્રીએ તલવારબાજી, રસ્સા ખેંચ, ડાંગી નૃત્ય જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોને નિહાળ્યા હતા. ત્યારબાદ ગૃહ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવીના વરદ હસ્તે ‘કોફી ટેબલ બુક’નું વીમોચન તથા સી.પી.આર તાલીમ માટેના એમ.ઓ.યુ કરાયા હતા. હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણના ૬૧માં સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે ગૃહરાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવી જણાવ્યું હતું કે, આ દિવસ નિમિત્તે હોમગાર્ડઝની પરેડનું નિરીક્ષણ કર્યા બાદ ગર્વની લાગણી અનુભવાય છે. હોમગાર્ડઝના ભાઈઓ તથા બહેનોની પરેડમાં તેમના દરેક કદમ ઉપર દેશભક્તિનો અનેરો ઉત્સાહ તેમની આંખોમાં દેખાતો હતો તેમ તેમણે જણાવ્યું હતું. જેનો ખૂબ જ આનંદ અનુભવાય છે. ગૃહ રાજયમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજયના સંરક્ષણ માટે હોમગાર્ડઝનો ખૂબ જ મોટો ફાળો રહ્યો છે. ગુજરાતમાં કોરોનાના કપરા સમયમાં જયારે ડોકટરો દર્દીઓના જીવ બચાવવાના પ્રયત્ન કરતા હતા, તેવા સમયમાં હોસ્પિટલના ગેટ ઉપર હોમગાર્ડઝના કર્મચારીઓ તાત્કાલિક સારવાર માટે દર્દીઓના સ્ટ્રેચર ખેંચવામાં સહાયરૂપ થતા હતા. પોતાના જીવની ચિંતા કર્યા વગર દર્દીઓના જીવ બચાવવામાં હોમગાર્ડઝના કર્મચારીઓએ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવી છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં થોડાક સમય પહેલા બીપરજોય વાવાઝોડા વખતે હોમગાર્ડઝના જવાનોએ દેવભૂમિ દ્વારકા ખાતે અસાધારણ ફરજ બજાવી હતી. જેમાં તેઓએ માર્ગ ઉપરથી ધરાશાય થયેલ વૃક્ષો હટાવવા અને નાગરિકોને એક સ્થળેથી અન્ય સ્થળ પર ખસેડવામાં પણ મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો જે સરાહનીય બાબત છે તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આજે **CPR** ટ્રેનિંગના **M.O.U** થયા છે, જેનો અનેરો આનંદ છે, ગુજરાતમાં પોલીસ હોમગાર્ડઝના કર્મચારીઓને આ ટ્રેનિંગ થોડા દિવસ પહેલા જ આપવામાં આવી હતી. જેથી ગુજરાતના ઘણા એવા સામાન્ય નાગરિકોને આ ટ્રેનિંગથી મદદ મળી છે અને હવે, **CPR**ની ટ્રેનિંગ દરેક હોમગાર્ડઝને આપવામાં આવશે અને ટ્રેનિંગ મેળવ્યા બાદ તેવો ડોક્ટર સમાન નહીં પરંતુ ભગવાનના દૂત તરીકે કાર્યરત થશે તેવો વિશ્વાસ છે તેમ તેમણે જણાવ્યું હતું. ગૃહ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે હોમગાર્ડઝ અને સિવિલ ડિફેન્સના અન્ય અધિકારીઓની ચિંતા કરીને તેમના પગારની બાબત હોય કે, વહીવટી ક્ષેત્રને લગતી કોઈ બાબત તમામ પાસાઓને આવરી લઈને હોમગાર્ડઝ અને સિવિલ ડિફેન્સના કર્મચારીઓને લાભ આપ્યા છે અને રાજ્યસરકાર આગળ પણ લાભ આપવા માટે કટિબદ્ધ છે. અંતે તેમણે જણાવ્યું હતું કે, હોમગાર્ડઝ એ સામાન્ય પોસ્ટ નથી, એ ગુજરાત સરકારની સૌથી મહત્વની પોસ્ટ છે. જેનું રાજ્યસરકાર અને રાજયના તમામ નાગરિકોને ગૌરવ છે. એ જ રીતે સિવિલ ડિફેન્સના તમામ કર્મચારીઓ આગ જેવી હોનારતમાં મહત્વની કામગીરી કરીને ઊંચી ઈમારતો પરથી વ્યક્તિઓના જીવ બચાવવાની કામગીરી કરતા હોય છે. જેની રાજ્યસરકાર સરાહના કરે છે. તેમ તેમણે જણાવ્યું હતું. સાથે જ તેમણે ઉમેર્યું હતું કે, આજે હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણના સ્થાપના દિવસે તમામ વિજેતા અધિકારીઓ અને કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવું છું અને તેવી આ જ રીતે રાજ્યસરકાર તરફ તેમનું યોગદાન આપતા રહે અને નાગરિકોને મદદરૂપ નીવડે તેમ તેમણે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન, પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી વિકાસ સહાય, ગૃહ અધિક મુખ્ય સચિવ મુકેશ પુરી, હોમગાર્ડઝ કમાન્ડન્ટ જનરલ મનોજ અગ્રવાલ, નાગરિક સંરક્ષણ સંયુકત નિયામક ગૌતમભાઈ પરમાર, દરિયાપુરના ધારાસભ્ય કૌશિકભાઈ જૈન તેમજ પોલીસ અધિકારીઓ, હોમગાર્ડઝ અધિકારીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રોવિઝનલ બોમ્બે સ્ટેટમાં ૬ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ પ્રથમ હોમગાર્ડ યુનિટની શરૂઆત કરવામાં આવેલ હતી, ૧ મે ૧૯૬૦ના રોજ બૃહદ મુંબઈ રાજયમાંથી ગુજરાત રાજય અલગ પડ્યું ત્યારે માત્ર ૫૦૦૦ સંખ્યા બળ ધરાવતા હતા. હાલમાં કુલ ૪૫,૬૪૦ જેટલા માનદ્ હોમગાર્ડ સભ્યો સેવા આપી રહ્યા છે. કાયદો અને વ્યવસ્થા જાળવવામાં તેમજ રાજયમાં આવતી કોઈપણ માનવસર્જિત અને કુદરતી આફતોમાં પોતાની પરવાહ કર્યા વિના નાગરીકોના જાનમાલની રક્ષા કરવા માટે ખડેપગે ફરજ બજાવનાર આ દળ છે. સને-૧૯૬૨ ના ચીન સામેના યુધ્ધ અને કુદરતી આપત્તિના સમયે બહુમુલ્ય નાગરીકોની જાનહાનિ ઓછી થાય તે માટે સ્વયંસેવક નાગરીકોનું એક દળ બનાવવાના ઉદ્દેશ્યથી નાગરીક સંરક્ષણ અધિનિયમ-૧૯૬૮ હેઠળ ‘‘સિવીલ ડિફેન્સ’’ ની સ્થાપના કરવામાં આવી હતી.

# યુનેસ્કો દ્વારા ગુજરાતનું ગૌરવ અને સાંસ્કૃતિક વિરાસત સમા ગરબાને ‘અમૃત સાંસ્કૃતિક ધરોહર’ તરીકે જાહેરાતની ઉજવણી







(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૭

યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબાને ઈન્ટેન્જિબલ કલ્ચરલ હેરિટેજ(અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર) તરીકે જાહેરાતની ઉજવણી પ્રસંગે અમદાવાદના ભદ્રકાળી મંદિર પરીસર ખાતે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. મુખ્યમંત્રીએ નગરદેવી માં ભદ્રકાળીના દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા હતા તથા રાસ ગરબાના વિવિધ પ્રકારોને સમાવેશ કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો. બોત્સ્વાના ખાતે આજે યુનેસ્કો(યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશન, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) દ્વારા ગુજરાતની સંસ્કૃતિનું અભિન્ન અંગ એવા ગરબાને ઈન્ટેન્જિબલ કલ્ચરલ હેરિટેજ(અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર) તરીકેની જાહેરાતનું રાજ્યભરમાં પ્રસારણ કરવામાં આવ્યું હતું. અમદાવાદ ખાતે ભદ્રકાળી મંદિર પરિસર સહિત બનાસકાંઠામાં અંબાજી મંદીર પરિસર, પંચમહાલમાં પાવાગઢ મંદિર પરિસર અને મહેસાણા ખાતે બહુચરાજી મંદિર પરિસરમાં મુખ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા અને પરંપરાગત ગરબા સાથે વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા આ ઐતિહાસિક સિદ્ધિની ઉજવણી કરવામાં આવી હતી. સાથે જ, રાજ્યના અન્ય તમામ જિલ્લામાં આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવતા કાર્યક્રમ સ્થળે ઉપસ્થિત સ્થાનિક લોકો કાર્યક્રમને માણ્યો હતો. આ પ્રસંગે સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના રાજયકક્ષા મંત્રી હર્ષ સંઘવીએ પત્રકારો સાથે વાત કરતાં જણાવ્યું કે, વિશ્વના ખૂણેખૂણે વસતા ગુજરાતીઓ માટે આજે ગૌરવનો દિવસ છે. ગુજરાતની શેરીઓ/નગરોમાં યોજાતા પરંપરાગત ગરબાથી લઈને રાજયભરમાં યોજાતા આધુનિક ગરબા દેશભરમાં ગુજરાતીઓની સાંસ્કૃતિક વિરાસત તરીકે જાણીતા બન્યાં છે. યુનેસ્કોની ઐતિહાસિક જાહેરાત દ્વારા હવે ગુજરાતનો ગરબો વિશ્વમાં પહોંચશે અને દુનિયાભરમાં હવે ગુજરાતીઓ અને ગુજરાતના ગરબા જાણીતા બનશે. વધુમાં વાત કરતાં હર્ષ સંઘવીએ જણાવ્યું કે, એક ગુજરાતી તરીકે દુનિયાના કોઈપણ ખૂણે ગરબાની ધૂન વાગે એટલે આપણા પગ ચાલવા માંડે છે, એ આપણી ગરબા પ્રત્યેની અતૂટ લાગણી અને અખૂટ પ્રેમ દર્શાવે છે. માં અંબાના પ્રખર ઉપાસક અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે રાજયના મુખ્યમંત્રી હતા ત્યારથી જ રાજ્યની સાંસ્કૃતિક વિરાસતોને વૈશ્વિક સ્તરે ઉજાગર કરવા માટે સતત પ્રયત્નશીલ રહેલા. તેમના માર્ગદર્શન હેઠળ નવીન ઉપક્રમ તરીકે રાજ્યમાં શરૂ કરાયેલ વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ દ્વારા ગરબાને વિશ્વભરમાં મોટી પ્રસિદ્ધિ મળી છે અને નવરાત્રિ ઉત્સવ વિશ્વમાં સૌથી લાંબો ચાલનારો લોકોત્સવ બન્યો છે એમ તેમણે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ગરબાના સમાવેશ સાથે હવે યુનેસ્કોની ‘અમૂર્ત ધરોહર’ની યાદીમાં દેશના ઉત્સવો, મેળાઓ, પરંપરાઓ, પ્રાદેશિક નૃત્યો મળીને કુલ ૧૫ સાંસ્કૃતિ વિરાસતનો સમાવેશ થયો છે. યુનેસ્કો દ્વારા આ ઐતિહાસિક સિદ્ધિની જાહેરાતની ઉજવણી સંદર્ભે યોજાયેલા સંસ્કૃતિ કાર્યક્રમ પ્રસંગે અમદાવાદના ધારાસભ્યો અમિતભાઈ શાહ, બાબુસિંહ જાદવ, કૌશિક જૈન, શ્રી દિનેશભાઈ કુશવાહ, અમૂલભાઈ ભટ્ટ, દર્શનાબેન વાઘેલા, ડો. પાયલબેન કુકરાણી, શહેરના કાઉન્સિલરઓ, **AMC**ના હોદ્દેદારો, મ્યુનિ. કમિશ્નર એમ. થેન્નારસન સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# વેરાવળમાં પૌરાણિક રામદેવજી મંદિરને જોડતા પુલની બંન્ને તરફનો રસ્તો બનાવવા ખારવા સમાજે માંગ કરી

### ખારવા સમાજના પટેલએ પુલનો ધોવાઈ ગયેલ સ્લોપ અને રોડ સત્વરે બનાવવા મુખ્યમંત્રીને લેખીત રજુઆત કરી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૭

વેરાવળમાં ચોપાટી નજીક આવેલ પૌરાણીક રામદેવજી મંદિરે પહોંચવા માટે સરકારે પુલ તો બનાવ્યો પરંતુ ત્યારબાદ રોડ બનાવવાની કામગીરી ન કરવામાં આવી હોવાથી લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે આ પુલની બંન્ને તરફ રસ્તો બનાવવા સાગરપુત્ર ફાઉન્ડેશન ખારવા સમાજ દ્વારા મુખ્યમંત્રી સહિતનાને લેખિત રજુઆત પાઠવી મંગણી કરી છે.

આ અંગે ખારવા સમાજના પટેલ દામજીભાઈ ફોફંડી અને તુલસીભાઈ ગોહેલએ કરેલ લેખીત રજુઆતમાં જણાવેલ કે, વેરાવળમાં ચોપટી નજીક જાલેશ્વર વિસ્તારની પાછળ ખારવા સમાજનાં ઈષ્ટદેવ શ્રી રામદેવજીનું અત્યંત પૌરાણિક મંદિર આવેલુ છે. આ મંદિરે તેમજ જાલેશ્વર જવા આવવા માટે રસ્તામાં દેવકા નદીનું પાણી દરિયાની ખાડીમાં ભળે હોવાથી ત્યાં જવામાં પડતી મુશ્કેલી નિવારવા રાજ્ય સરકારે અમારી રજુઆત બાદ પુલ બનાવેલ છે. પરંતુ આ પુલની બંન્ને સાઈડ રોડ બનાવવા માંગણી કરેલ જે હજુ સુધી પુર્ણ થઈ નથી. જેથી આ વિસ્તારમાંથી આવન- જાવન કરવા માટે દર્શનાર્થીઓ તેમજ સ્થાનીક રહીશોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ત્યારે આ પુલનાં બન્ને છેડે સ્લોપ બનાવવામાં આવેલા છે. જે પૈકી પુલની પૂર્વ ભાગનો સ્લોપ કોઈ કારણસર ધોવાઈ ગયેલ હોવાથી પુલ ઉપર ચડવા-ઉતરવામાં વાહનોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ચોમાસાની સીઝનમાં દરિયાનો કરંટ તથા નદીનું વહેણ વધવાનાં કારણે લોકોને કમરડુબ પાણીમાંથી અવરજવર કરવી પડે છે. જેથી સત્વરે આ સ્લોપ સરખો કરવા અને રોડ બનાવવા માંગણી હોવાનું અંતમાં જણાવેલ છે.

# અયોધ્યાથી આવેલ ચોખા કળશની સોમનાથ મંદિર ખાતે પુજા કરવામાં આવી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૭

આગામી તા.૨૨ જાન્યુઆરીએ પ્રભુ શ્રીરામ મંદિર તેમજ ભગવાન શ્રીરામની મુર્તી પ્રાણ પ્રતિષ્ઠા અયોધ્યા ખાતે થનાર હોય ત્યારે અયોધ્યા થી ચોખા કળશ ગીર સોમનાથ જિલ્લાનો આવેલ તેનું બાર જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથના મંદિરની પૂજા કરી સોમનાથ દાદા ચરણોમાં સ્પર્શ કરાવી સોમનાથ મુકામે શ્રીરામ મંદિરમાં પુજા કરવામા આવેલ હતી.



પ્રભુ શ્રીરામની આરતી તેમજ સોમનાથ શ્રી રામ મંદિરમાં શ્રી રામ નામ લખવામા આવેલ અને શ્રી રામ નામ એક કરોડ કરતાં વધારે નામો લખાયેલ અને અયોધ્યા મોકલનાર હોય તે ગીર સોમનાથ જીલ્લાના ઘરે ઘરે કળશમાં આવેલ ચોખા ઘરે ઘરે આપવામાં આવનાર છે. જેમાં વિશ્વ હિન્દુ પરિષદ તેમજ તમામ ક્ષેત્રો જોડાનાર છે. આ કાર્યક્રમમા ગીર સોમનાથ જીલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયા, મહામંડલેશ્ર્વર બજરંગદાસ બાપુ, વિશ્ર્વ હિન્દુ પરિષદના પુનીતભાઈ પલાણ, પાલીકા પ્રમુખ પલ્લવીબહેન જયદેવભાઈ જાની, ભાજપ મહીલા મોરચા, યુવા મોરચા સહીતના જોડાયા હતા.

# દિલ્હીમાં યોજાનારી ‘ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ’માં દ્વારકાની ખેલાડી નેહા શંકરદાન ગઢવીની પસંદગી



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૭

આગામી તા.૧૦ ડિસેમ્બરથી તા.૧૭ ડિસેમ્બર ૨૦૨૩ દરમ્યાન ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ ૨૦૨૩ યોજાનાર છે. જેમાં દ્વારકાની નેહા ગઢવી(**F**-૪૧) કેટેગરીમાં ગોળા ફેંકની રમતમાં સિલેકટ થઈ જવાહરલાલ નેહરૂ સ્ટેડિયમ, દિલ્હી રમવા જશે. નેહાને છેલ્લા સાત વર્ષથી દ્વારકાના સ્પોર્ટસમેન અને ભડકેશ્વર યોગ ગૃપ ચલાવતા ચેતનભાઈ જીંદાણી પાસે સ્પોર્ટસ તેમજ ફિટનેશની ટ્રેનિંગ લે છે. નેહાએ આ પહેલા પેરા નેશનલ એથલેટીકસ ચેમ્પિયન શીપમાં ચાર વખત મેડલ મેળવેલા છે.

# ખંભાળિયાના પીર લાખાસર ગામમાં વિકસિત ભારત યાત્રાનું સ્વાગત કરાયું



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભ્રમણ કરી રહેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગઈકાલે બુધવારેખંભાળિયા તાલુકાના પીર લાખાસર ગામે આવી હતી. જ્યાં આ રથનું ગ્રામજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ રથમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંદેશનું પ્રસારણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિતોએ આ સંદેશા પ્રસારણને નિહાળ્યું હતું. ઉપરાંત આ રથના માધ્યમથી ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે ‘ધરતી કહે પૂકાર કે’ નાટિકા પણ પ્રસ્તુત કરવામાં આવી હતી. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના કાર્યક્રમમાં લાભાર્થીઓ દ્વારા મેરી કહાની, મેરી જુબાની અંતર્ગત સાફલ્ય ગાથા વર્ણવી સરકારની યોજનાઓ દ્વારા તેમના જીવનમાં આવેલા સકારાત્મક પરિવર્તનની પ્રેરણાત્મક વાત રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં પદાધિકારીઓ ઉપરાંત અધિકારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. બાદમાં આ રથને અન્યત્ર જવા માટે વિદાય આપવામાં આવી હતી.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું શાપુર ગામે જાજરમાન સ્વાગત

## જનકલ્યાણકારી યોજનાઓના લાભોના વિતરણ સાથે ડ્રોન નિદર્શન કરાયું : શાપુર ગામને ઓડીએફ મોડલ ગામ જાહેર કરાયું






જૂનાગઢ, તા.૭

વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું વંથલીના શાપુર ગામે ગ્રામજનોએ જાજરમાન સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. તેમણે કેન્દ્ર -રાજય સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો ઉપરાંત વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપી ભારતમાતાનું ઋણ ચૂકવવા આહવાન કર્યું હતું.

આ પ્રસંગે શાપુર ગામને ઓડીએફ મોડલ ગામ જાહેર કરાયું હતું. તેનું પ્રમાણપત્ર શાપુર ગ્રામ પંચાયતને એનાયત કરવામાં આવ્યું હતું. ઉપરાંત ૯૦ ટકા સરકારના અને ૧૦ ટકા ગ્રામજનોના સહયોગથી નલ સે જલ યોજના હેઠળ શાપુર ગામે પીવાના પાણીની સુવિધા માટે જન ભાગીદારીથી નિર્માણ પામેલ આ સુવિધા માટે ગ્રામ પંચાયતને અભિનંદન પત્ર પણ એનાયત કરવામાં આવ્યો હતો.

આ સાથે ગ્રામજનોને કેન્દ્ર રાજય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવાની સાથે તેના લાભોનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ગ્રામજનોએ પ્રાથમિક હેલ્થ ચેકઅપનો પણ લાભ લીધો હતો. આ આ પ્રસંગે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના આયુષ્માન કાર્ડ સહિતના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડ્રોન નિદર્શન પણ રાખવામાં આવ્યું હતું. ઉપરાંત ગ્રામજનોને ધરતી કરે પુકારના માધ્યમથી પ્રાકૃતિક ખેતી માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. કેન્દ્ર રાજય સરકારની ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની યોજનાઓના લાભ મેળવવાથી પોતાના જીવનમાં આવેલા બદલાવ વિશે લાભાર્થીઓએ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતા કેન્દ્ર-રાજય સરકારનો આભાર વ્યકત કર્યો હતો. સાથે જ ૨૦૪૭ સુધીમાં ગ્રામજનો વિકસિત ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ બન્યાં હતાં. ઉલ્લેખનીય છે કે, ભારત વિકસિત વિકસિત સંકલ્પ યાત્રા જૂનાગઢ જિલ્લામાં ગામે ગામ ફરી રહી છે, આ સાથે કેન્દ્ર રાજય સરકારની જન કલ્યાણકારી યોજનાઓની લોકોને જાણકારી આપવામાં આવી રહી છે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મુકેશભાઈ કણસાગરા, અગ્રણી અતુલભાઈ કોટડીયા, વિસ્તરણ અધિકારી વી.એચ. બારડ વિસ્તરણ અધિકારી ગજેરા, ગ્રામ અગ્રણી શૈલેષભાઈ કાચા ઉપરાંત જુદા જુદા વિભાગના કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયવ્યાપી સૂર્ય નમસ્કાર મહાઅભિયાનનું આયોજન

## સૂર્ય નમસ્કાર કરવા થઈ જાવ તૈયાર : ગ્રામ્ય કક્ષાથી રાજયકક્ષા સુધીની યોજાશે સ્પર્ધા

જૂનાગઢ, તા.૭

આરોગ્ય અને ફિટનેસ માટે ફાયદારૂપ એવા સૂર્ય નમસ્કારની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા ગ્રામ્ય કક્ષાથી માંડીને રાજયકક્ષા સુધીની યોજાશે. જેમાં વિજેતા બનનારને રાજ્ય સરકાર દ્વારા પુરસ્કૃત કરવામાં આવશે. નગરપાલિકા અને મહાનગરપાલિકા વિસ્તારમાં વોર્ડવાર આ સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.

સ્પર્ધકો ૯ થી ૧૮, ૧૯ થી ૪૦ અને ૪૧ વર્ષથી વધુ વયના લોકો આ સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં ભાગ લઈ શકશે. આમ, ત્રણ વયજૂથ કેટેગરીમાં યોજાનાર આ સ્પર્ધામાં ભાગ લેવા માટે એક લિંક ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન માટેની લિંક ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ગ્રામ્ય કક્ષાએ અને વોર્ડ વાર સ્પર્ધા ૧૦ મિનિટમાં ૧૧ સૂર્ય નમસ્કાર કરવાના રહેશે. ત્યાર પછી તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાની સ્પર્ધાઓમાં માપદંડ મુજબ વધુ સૂર્ય નમસ્કાર કરવાના રહેશે. સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં વિજેતા બનવા માટે ઓછા સમયમાં વધુ સૂર્ય નમસ્કાર કરવા, યોગ્ય મુદ્રાઓમાં સૂર્ય નમસ્કાર કરવા સહિતના માપદંડ રહેશે. જૂનાગઢ શહેરમાં સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવા માટે મહાનગરપાલિકા ખાતે સંબંધીત અધિકારીઓની એક બેઠક પણ યોજવામાં આવી હતી.

## મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે

# જૂનાગઢ તાલુકા (શહેર) સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ, તા.૭

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં જૂનાગઢ તાલુકા (શહેર) માટે તા.૨૭/૧૨/૨૦૨૩ના સવારે ૧૧ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી, તાલુકા સેવા સદન સરદારબાગ, જૂનાગઢ ખાતે યોજાનાર કાર્યક્રમ માટે જૂનાગઢ તાલુકા શહેર કક્ષાના પ્રશ્નો/ફરિયાદો તા.૧૦/૧૨/૨૦૨૩ સુધીમાં તાલુકા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જૂનાગઢની કચેરી , તાલુકા સેવા સદન, જૂનાગઢ (શહેર) ને પહોંચતા કરવા સંબંધકર્તા લોકોને વિનંતી કરવામાં આવેલ છે. અરજીના મથાળે જૂનાગઢ તાલુકા (શહેર) માટેનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ લખવાનું રહેશે. મુખ્યમંત્રીનો સ્વાગત ઓનલાઇન(ફરિયાદ નિવારણ) કાર્યક્રમમાં કોઇપણ અરજદારને અરજી કરતા પહેલા ગ્રામ્યકક્ષાનો પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી, ગ્રામસેવકને પ્રથમ અરજી કરેલ હોવી જોઇએ અને તે અનિર્ણિત હોય, તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીશ્રીને પ્રશ્ન અંગે લેખિતમાં રજૂઆત કરેલ હોવી જોઇએ અને તે અનિર્ણિત હોય, આ કાર્યક્રમમાં રજૂ થતાં પ્રશ્નો ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ જ નિર્ણય લઈ શકાય તેવા હોવા જોઇએ, આ કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નના આધાર પુરાવા સાથે રજૂઆત કરી શકશે અને આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજૂઆત કરી શકશે, સામુહિક રજૂઆતો નહિ થઇ શકે તે પ્રકારની અરજીઓ રજૂ થઇ શકશે તથા મુદત બાદની અરજીઓ, અસ્પષ્ટ રજૂઆતવાળી અરજીઓ, એક કરતા વધુ વિભાગ/કચેરીના પ્રશ્નો, સુવાચ્ય ન હોય તેવી અરજીઓ, નામ-સરનામા વગરની અરજીઓ, વ્યક્તિગત આક્ષેપોવાળી અરજીઓ, નીતિ-વિષયક પ્રશ્નો, ચાલુ સરકારી કર્મચારીના સેવા વિષાયક પ્રશ્નો, કોર્ટ મેટર, દિવાની પ્રકારની ખાનગી તકરારો, અપીલ થવાપાત્ર કેસો વાળી અરજીઓ, અરજદારને સ્વયં સ્પર્શતા ન હોય તેવા પ્રશ્નો, અરજદારે તેમની રજૂઆત અંગે સંબંધિત કચેરી/ખાતાનો એકવાર પણ સંપર્ક કર્યા સિવાય પ્રથમ વખત સીધા જ આ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રશ્ન તથા અગાઉના સ્વાગત કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નો આ કાર્યક્રમમાં અરજીઓ રજૂ થઇ શકશે નહી તેમ જૂનાગઢ (શહેર) મામલતદારની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ જીલ્લાની સહકારી મંડળીઓને ઈ કોઓપરેટીવ પોર્ટલ ઉપર ડેટા ભરવા બાબત

## તા.૧૫ ડિસેમ્બર સુધીમાં સહમારી મંડળીઓની માહિતી ઓનલાઈન કરવી ફરજિયાત

જૂનાગઢ, તા.૭

જૂનાગઢ જિલ્લાની તમામ સહકારી મંડળીઓને ઈકોઓપરેટીવ પોર્ટલ ઉપર મંડળીઓના ડેટા ભરવા જણાવવામાં આવે છે. જૂનાગઢ જિલ્લાની તમામ સહકારી મંડળીઓને તેમની મંડળીની તમામ વિગતો તા.૧૫/૧૨/૨૦૨૩ સુધીમાં **https://ecooperative. gov. in/Registration** ઉપર ઓનલાઈન કરવાની રહેશે.

જે મંડળીઓની માહિતી ઓનલાઈન કરવામાં નહીં આવે તો આવે તે મંડળીઓને રદ કરવાની કાર્યવાહી તાત્કાલિક ધોરણે શરૂ કરવા આવશે જેની તમામ મંડળીઓએ ગંભીર નોંધ લેવી. આ કાર્યવાહી માટે કોઈ મુશ્કેલી જણાય તો નીચે મુજબ તાલુકા સામે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવો. જેમાં જૂનાગઢ તાલુકા માટે એચ.બી. કમાણી મો- ૯૮૨૪૮ ૨૮૧૯૫, ભેંસાણ તાલુકા માટે એસ.એસ. દેવમુરારી મો- ૯૪૨૭૭૩૫૫૯૭, વિસાવદર તાલુકા માટે એસ.બી ભુવા મો- ૯૮૨૪૪ ૮૫૪૦૪, મેંદરડા તાલુકા માટે કે. એલ. રાવલીયા મો- ૯૮૭૯૯ ૬૬૮૮૨, માણાવદર તાલુકા માટે બી.પી. કણજારીયા મો- ૯૨૬૫૪ ૪૩૨૫૦, માંગરોળ તાલુકા માટે આર. એન. દાફડા મો– ૯૮૯૮૮૫૫૭૯૧, કેશોદ તાલુકા માટે જે. એ. ઠાકર મો– ૯૮૨૫૪૫૯૯૬૯૫, વંથલી તાલુકા માટે એન.આર ખોડભાયા મો– ૯૮૯૮૧ ૮૪૫૨૯, માળિયા તાલુકા માટે વી.વી. કરમટા મો– ૯૬૨૪૦ ૨૧૧૯૦ નો સંપર્ક કરવા જૂનાગઢ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢના વિરપુર ગામમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'માં લાભાર્થીઓ સહાયથી લાભાન્વિત

## આયુષ્યમાન કાર્ડ, કિશોરીઓને પૂર્ણાશક્તિ અને સગર્ભા બહેનોને માતૃ શક્તિ કીટનું વિતરણ : ખેડૂતોને ડ્રોનથી યાંત્રીક દવા અને ખાતર છંટકાવ અંગે માર્ગદર્શન : સરકારી સેવાઓના લાભ આપતા સ્ટોલ, ગામનાં પાદરે-આરોગ્યલક્ષીસેવા લેતા ગ્રામજનો






જૂનાગઢ, તા.૭

લોકોને ઘરઆંગણે સરકારી યોજનાઓની જાણકારી સાથે યોજનાથી વંચીત લાભાર્થિને યોજનાના લાભ મળી રહે તેવા સુભગ સમન્વય સહ દેશને વિકસિત બનાવવાની નેમ સાથે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો રથ જૂનાગઢ તાલુકાનાં વિપુર ગામે આવી પહોંચતા ગામનાં સરપંચ રેહાનાબેન સિડા, આગેવાન યાકુબભાઈ સીડા, ઉપસરપંચ ગોપાલભાઈ દાફડા, અમીનભાઈ સીડા અને ગ્રામજનોએ પરંપરાગત રીતે આ રથના વધામણાં કર્યા હતા. રથ સાથે વિવિધ સરકારની કચેરીઓ દ્વારા અમલી સરકારી યોજનાઓના લાભાર્થીઓને ઘરઆંગણે યોજનાકીય લાભોથી લાભાન્વિત કરાયા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી શરૂ થયેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના રથને ગામેગામ બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. વિરપુર ખાતે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' અંતર્ગત વિવિધ કાર્યક્રમો સાથે લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ, બહેનોને પોષણ કીટ તેમ , કીશોરીઓને પુર્ણાશક્તિ કીટ, તેમજ સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓનાં ગ્રામજનોને મળવા પાત્ર લાભ/સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. સરકારી સેવાઓના ઘરઆંગણે જ લાભ ઉપલબ્ધ કરાવતા વિવિધ સ્ટોલ્સ પણ અહીં લાગ્યા હતા. જયાંથી મોટી સંખ્યામાં લોકોએ સરકારની કલ્યાણકારી યોજનાઓની માહિતી મેળવી હતી.

પ્રજાલક્ષી યોજનાકીય માહિતી અંગેની ફિલ્મ નિહાળી લોકોએ દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા ગ્રામજનોએ સામુહિક શપથ લીધા હતા. લાભાર્થીઓને પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના (પી.એમ.જે.એ.વાય.) કાર્ડ ઉપરાંત અનેકવિધ સહાય અપાઈ હતી. ગામમાં 'મેરી કહાની મેરી જુબાની' અંતર્ગત સરકારની કલ્યાણકારી યોજનાથી થયેલા લાભ અને પોતાના જીવનમાં આવેલા ગુણાત્મક પરિવર્તન અંગે લાભાર્થીઓએ પોતાની કહાની રજૂ કરી હતી. જયારે સારી કામગીરી કરનારા કર્મચારીઓનું સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં વિસ્તરણ અધિકારી ડી.બી. હિંગરાજીયા, જી.ડી.વામજા, ગ્રામજનો, શાળાનાં આચાર્ય કે.સી. રાઠોડ, આંગણવાડીનાં હલુબેન સીડા, તલાટીમંત્રી કી.પી. મેસવાણીયા સહિત વિવિધ વિભાગનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**હરસુખભાઇ કપુપરાને હૃદય સંબંધી સારવાર સરકારી સહાયથી બની સુલભ**

વિરપુર ગામનાં હરસુખભાઈ ભીખાભાઈ કપુપરાએ જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના મારા માટે આશિર્વાદ રૂપ બની છે. મને તબીબી સારવાર દરમ્યાન માલુમ પડ્યુ કે મારા હૃદયની ત્રણ રકતવાહીની બ્લોકેજ છે. તો ડોકટરોનાં અભિપ્રય મૂજબ મારે તેમાં સ્ટેન્ટ મુકાવી સારવાર કરવી આવશ્યક હતી. મારા ખેતીની આવકમાં હું જો સારવાર કરાવુ તો વર્ષભર કમાયેલ આવક સારવાર અને દવામાં ખર્ચાય જાય તો પછી મારે ખેતી અને ઘર ખર્ચમાં શું કરવુ એ એક જટીલ પ્રશ્ન હતો. પણ ભલુ થાય દેશનાં પ્રધાનમંત્રીનું કે અમારા જેવા જરૂતમંદ વ્યક્તિની ખર્ચાળ સારવાર સરકારી ખર્ચે અને સારામાં સારી થવા લાગી છે. મારા સ્વાસ્થમાં આ સારવાર મળતા ખુબ લાભપ્રદ છે. દેશનાં ગરીબ વ્યક્તિઓને કોઈ પણ ભેદભાવ વિના આરોગ્ય કવચ મળ્યુ એ ખરેખર સરકારનું ગરીબો પરત્વેનું આવકાર દાયક કાર્ય છે. હું સરકારનો આભાર પ્રકટ કરૂ છું

**ઓસમાણભાઇ સીડાને મળ્યો પ્રધાનમંત્રી સમ્માનનીધિનો યોજનાનો લાભ**

વિરપુર ગામનાં ઓસમાણભાઈ સીડાને પ્રધાનમંત્રી સંમ્માનનીધિ યોજનાનો લાભ મળ્યો છે. તેમણે જણાવ્યુ હતુ કે મને આ યોજના થકી નિયત સમયે રૂા. બે હજાર મારા બેંક ખાતામાં સીધા જમા થાય છે. જેનાથી હું મારા ખેતરમાં દવા અને ખાતરની જરૂરત સંતોષી શકુ છુ. હું વડાપ્રધાનશ્રીની આ યોજનાને આવકારી આભાર પ્રકટ કરૂ છું

**કાંતીભાઇ ગોહેલને પ્રધાનમંત્રી આવાસયોજનાનો મળ્યો લાભ**

જૂનાગઢ તાલુકાનાં વિરપૂર ગામે રહેતા અને છુટક મજુરી કામકરી જીવન પસાર કરતા કાંતિભાઈ ગોહેલને પ્રધનમંત્રી આવાસ યોજનાનો લાભ મળતા પાકા મકાનનુસ્વપ્ર પુરૂ થયું છે. કાંતીભાઈએ જણાવ્યુ કે મારે કાચુ માટીનુ મકાન હતુ. મારા આર્થિક આવકનાં સાધનો પ્રમાણે પાકુ મકાન બનાવવુ એ એક સ્વપ્ર હતુ. આ સ્વપ્ર વડાપ્રધાનશ્રીએ પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા સાકાર કર્યુ છે. હાલમાં મકાનનું કામ ચાલી રહ્યુ છે. હું આ લાભ મળતા સરકારનો આભાર વ્યક્ત કરૂ છું.

# એચડીએફસી બેંક ૧૨૦૦થી વધારે શહેરોમાં ૬,૦૦૦ કેન્દ્રો ખાતે સૌથી મોટું રક્તદાન અભિયાન યોજશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૭

ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક એચડીએફસી બેંક શુક્રવાર, ૮ ડિસેમ્બર, ૨૦૨૩થી શરૂ કરીને તેના દેશવ્યાપી 'રક્તદાન અભિયાન'ની ૧૫મી આવૃત્તિનું આયોજન કરવા જઈ રહી છે.તેના પ્રમુખ સીએસઆર પ્રોગ્રામ 'પરિવર્તન' હેઠળ, તે ભારતના ૧૨૦૦થી વધારે શહેરોમાં ૬,૦૦૦ કેન્દ્રો ખાતે રક્તદાન શિબિરો યોજશે.

આ વર્ષના રક્તદાન અભિયાનમાં ૪.૫ લાખથી વધુ રક્તદાતાઓ ભાગ લે તેવી અપેક્ષા છે. એચડીએફસી બેંક કર્મચારીઓ, ગ્રાહકો, કૉર્પોરેટ્સ, સંરક્ષણ દળો અને સ્થાનિક સમુદાયના સભ્યો સહિત રક્તદાતાઓની વૈવિધ્યપૂર્ણ રેન્જને એકત્રિત કરવા માટે સજ્જ થઈ ગઈ છે. આ વર્ષે એક વિશિષ્ટ અભિગમ હેઠળ એચડીએફસી બેંક'ફીલિંગ ઑફ સેવિંગ સમવન' નામની ફિલ્મ(**https://www. youtube. com/ watch?v= gsrGO8_ GBKI)** જાહેર કરવા જઈ રહી છે, જેમાં લોકોને રક્તદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ ફિલ્મમાં લોકોને આ જીવનરક્ષક ઉમદા કાર્યમાં યોગદાન આપવા પ્રોત્સાહિત કરવામાં આવશે તથા રક્તદાનની તાતી જરૂરિયાત પર ભાર પણ મૂકવામાં આવશે. આ ફિલ્મને બેંકના તમામ ડિજિટલ પ્લેટફૉર્મ પર રીલીઝ કરવામાં આવશે. આ ઉપરાંત, તે લોકોમાં તેમના યોગદાનના પ્રભાવ અંગે જાગૃતિ ફેલાવશે અને આ અભિયાનમાં સામૂહિક રીતે ભાગ લેવા પ્રેરિત કરશે. જે લોકો રક્તદાન કરવા માંગે છે, તેઓ અહીં નીચે આપેલી લિંક પર બેંકની વેબસાઈટ પર જઈને તેમની નજીકમાં આવેલા કેન્દ્રની જાણકારી મેળવી શકે છે : **https://leads. hdfcbank.com/ applications/ webforms/apply/ Blood_ Donation_ Campaign/index. aspx** એચડીએફસી બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ભાવેશ ઝવેરીએ જણાવ્યું હતું કે, 'એચડીએફસી બેંકમાં અમે લોકોને આ પ્રયાસમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરીને ખૂબ જ ગર્વ અનુભવીએ છીએ, કારણ કે, રક્તદાન દ્વારા મેળવવામાં આવેલું રક્તનું દરેક ટીપું કોઈનો જીવ બચાવવાની ક્ષમતા ધરાવે છે. અમારા ૧૫મા ભારતવ્યાપી રક્તદાન અભિયાનમાં અમે નાગરિકોને આ ઉમદા કાર્યમાં ભાગ લેવા અને તેમનું મૂલ્યવાન યોગદાન આપવા માટે એક મંચ પૂરૂ પાડવા માંગીએ છીએ.' આ પહેલ વર્ષ ૨૦૦૭માં ૮૮ કેન્દ્રો અને ૪૦૦૦ દાતાઓની સાથે શરૂ થઈ હતી, જેમાં તે વખતે ફક્ત બેંકના કર્મચારીઓ જ ભાગ લેતા હતાં. વર્ષો વિતતા આ અભિયાનનો વ્યાપ પણ વધારવામાં આવ્યો, જેથી કરીને કૉલેજના વિદ્યાર્થીઓ, કોર્પોરેટ્સ અને સૈન્ય કર્મચારીઓને તેમાં સામેલ કરી શકાય. તેને વર્ષ ૨૦૧૩માં 'સૌથી મોટા (એક જ દિવસે, એકથી વધુ સ્થળોએ) રક્તદાન અભિયાન' તરીકે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ તરફથી માન્યતા અને પ્રમાણપત્રો પ્રાપ્ત થયાં હતાં. વર્ષ ૨૦૨૨માં બેંકે લોહીના ૧.૨૫ લાખ યુનિટો એકઠાં કર્યા હતા. ૧૫૦૦થી વધારે કૉલેજના વિદ્યાર્થીઓ, ૫૫૦થી વધારે કૉર્પોરેટો અને ૧૦૫થી વધારે સંરક્ષણ અને સૈન્ય કર્મચારીઓ જેટલી નોંધપાત્ર સંખ્યામાં દાતાઓએ આ રક્તદાન અભિયાનમાં ભાગ લીધો હતો.મોટા પાયે અને વ્યાપક ધોરણે યોજવામાં આવતાં એચડીએફસી બેંકના રક્તદાન અભિયાનને દેશના એકંદર રક્તસંગ્રહને વધારવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# વાયુ પ્રદૂષણની સમસ્યાને જોતાં સુપ્રીમ કોર્ટની સક્રિયતા પ્રશંસનીય છે

રાજધાની દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણની સમસ્યાને જોતાં સુપ્રીમ કોર્ટની સક્રિયતા પ્રશંસનીય છે અને કેટલીક રાજ્ય સરકારોની ઉદાસીનતાને જોતાં તે અનિવાર્ય પણ બની ગઈ છે. ખાસ કરીને પંજાબમાં પરાળ બાળવાની ઘટનાઓ અને તેના દુષ્પ્રભાવો પર લાંબા વિમર્શ અને ચેતવણીઓની ખાસ અસર ન થતાં સુપ્રીમ કોર્ટે પંજાબ સરકારનો ઉધડો લીધો અને હરિયાણાની પ્રશંસા કરી. શીર્ષ અદાલતે પંજાબ સરકારને પૂછ્યું કે જે લોકો પરાળ બાળવાનું બંધ નથી કરતા, તેમના પર વધારાનો દંડ કેમ નથી કરાતો અને તેમને ટેકાના ભાવના લાભથી વંચિત રાખવાનો વિકલ્પ કેમ અપનાવાતો નથી? અદાલતે નાના અને ગરીબ ખેડૂતો પ્રત્યે સહાનુભૂતિ દાખવતાં રાજ્ય સરકારને સાફ-સાફ કહ્યું કે તેમને આર્થિક મદદ પહોંચાડવી રાજ્યનું કામ છે. દેખીતું છે, પંજાબ સરકાર અત્યાર સુધી આ મામલે ખેડૂતોને ભરોસામાં નથી લઈ શકી, જેનું નુક્સાન રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રના લોકોએ ભોગવવું પડ્યું છે. સુપ્રીમ કોર્ટે પંજાબ સરકારની ઝાટકણી કાઢવાની સાથે જ કહ્યું કે પંજાબે હરિયાણા પાસેથી શીખવું જોઈએ, જેણે ખેડૂતોને આર્થિક પ્રોત્સાહન આપીને એક મોટી હદ સુધી પરાળ બળતું રોકવામાં સફળતા હાંસલ કરી.

ખેડૂતોને પરાળ બાળવાથી રોકવા તો પડશે, પરંતુ એની સાથે જ એ સમજવું પણ જરૂરી છે કે ખેડૂતોએ મજબૂરીમાં પાકના અવશેષ બાળવા પડે છે. તેમણે નવા પાક માટે પોતાનું ખેતર જલ્દી ખાલી કરવાનું હોય છે. સરકારો પરાળના નિકાલની કોઈ ઠોસ વ્યવસ્થા નથી કરી શકતી, તેથી ખેડૂતો સામે તેને બાળવા સિવાય આરો નથી રહેતો. એમ માનવામાં આવતું હોય કે પરાળ બાળનારા ખેડૂતોને દંડ કરીને સમસ્યાનું સમાધાન કરી શકાશે તો તે સંભવ નથી. આ સમસ્યાનું સમાધાન ત્યારે થશે, જ્યારે ખેડૂતોને એવા વિકલ્પ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેનાથી તે પરાળ બાળવા મજબૂર ન થાય. તેમને આર્થિક સહાયતા પ્રદાન કવરાની સાથે જ પરાળનો નિકાલ કરતાં મશીનો મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવે કે પછી તેમના ખેતરોમાંથી પરાળ હટાવવાની વ્યવસ્થા કરવી જોઈએ. નિરાશાજનક છે કે લગભગ દસ વર્ષોથી એ કોશિશ થઈ રહી છે કે પંજાબ, હરિયાણા, પશ્ચિમી ઉત્તર પ્રદેશ, રાજસ્થાન વગેરેમાં પરાળ બાળવાનો સિલસિલો અટકે, પરંતુ એવું નથી થઈ શક્યું. જો તેમાં કોઈ રાજ્ય સૌથી વધુ નિષ્ફળ હોય તો તે પંજાબ છે. સુપ્રીમ કોર્ટની સાથે સાથે કૃષિ વિશેષજ્ઞો પણ એક અરસાથી એ જરૂરિયાત વ્યક્ત કરી રહ્યા છે કે પંજાબમાં ધાન્યની ખેતીને હતોત્સાહિત કરવી જોઈએ, પરંતુ આ દિશામાં કોઈ ઠોસ પગલાં નથી ભરી શકાયાં અને તે પણ ત્યારે, જ્યારે આ રાજ્યમાં ભૂજળ સ્તર સતત ઘટતું જાય છે. સુપ્રીમ કોર્ટની એ ચિંતા પણ વાજબી છે કે જો ત્યાંની જમીનમાં ભેજની માત્રા ઓછી થતી ગઈ તો તેનાં પરિણામો ભયાનક આવશે. કોર્ટે પંજાબની સાથે અન્ય રાજ્ય સરકારોને સલાહ પણ આપી કે તે પોતપોતાના પ્રાંતના ખેડૂતોને પર્યાવરણ અને પાણીની સ્થાનિક ઉપલબ્ધતાને અનુરૂપ પાક ઉગાડવા પ્રેરિત કરે. કેન્દ્ર-રાજ્ય સરકારો અને રાજકીય પક્ષોએ એક એવી સંસ્કૃતિ વિકસિત કરવી પડશે, જેમાં નાગરિકોના સ્વાસ્થ્યની કિંમત પર રાજનીતિને કોઈ અવકાશ ન હોય. સારું છે કે સુપ્રીમ કોર્ટ દિલ્હી-એનસીઆરમાં વધતા વાયુ પ્રદૂષણની નોંધ લઈ રહી છે, પરંતુ એના પર પણ ધ્યાન આપવું પડશે કે ઉત્તર ભારતના એક મોટા હિસ્સામાં વાયુની ગુણવત્તાનું સ્તર એટલું ખરાબ છે કે તે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. એવું એટલા માટે, કારણ કે વાયુ પ્રદૂષણનાં અન્ય કારણોના નિવારણ પર ધ્યાન નથી આપવામાં આવતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અશુધ્ધ મગજ અને અશુધ્ધ શરીર વડે આપણે ઈશ્વરના આશિર્વાદ નહીં મેળવી શકીએ.

- સ્વામિ વિવેકાનંદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક વદ-૧૦, તા.૭ ડિસેમ્બર ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૨૩, હસ્ત નક્ષત્ર, આયુષ્માન યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૨૦, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગૃહજીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.
વૃષભ: કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.
મિથુન: વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.
કર્ક: મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. તકનો લાભ ઉઠાવજો.
સિંહ: લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. મનની મૂંઝવણ દૂર થાય.
કન્યા: વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. આંધળો વિશ્વાસ મૂકીને કામ કરવાની વૃતિ ટાળવી.
તુલા: યશ, માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
વૃશ્ચિક: સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.
ધન: મનની મૂંઝવણ મનમાં રહે. વ્યર્થ ક્રોધ રહે.
મકર: અચાનક પ્રવાસ થાય. મહામહેનતે કાર્યમાં સફળતા મળે.
કુંભ: કાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.
મીન: આર્થિક લાભ રહે. મનની મુરાદ બર આવે.

# આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય-મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧.૯૯ કરોડથી વધુ લાભાર્થીઓને આવરી લેવાયા

ગાંધીનગર તા.૦૭

'આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય-મુખ્યમત્રી અમૃતમ' યોજના હેઠળ ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧.૯૯ કરોડથી વધુ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ થકી આવરી લેવાયા છે. ગુજરાતમાં આ યોજના અંતર્ગત ૫૮ લાખથી વધુ દર્દીઓએ નિશુલ્ક સારવાર મેળવી છે પરિણામે, દર્દીઓની રૂ.૧૧,૫૯૦ કરોડ રૂપિયાથી વધુની બચત થઈ છે. વિશ્વના સૌથી મોટા આરોગ્ય વીમા કવચ "પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના" ँસ્ત્નછરૂ અને ગુજરાતની "મુખ્યમત્રી અમૃતમ" સ્છ યોજનાનું સંકલન આજે ગુજરાતના ગરીબો અને મધ્યમવર્ગીય પરિવારોની ચિંતા દૂર કરીને આરોગ્ય સુખાકારીમાં વધારો કર્યો છે.

ँસ્ત્નછરૂ-સ્છ અંતર્ગત ૨,૪૯૫ એમ્પેનલ્ડ હોસ્પિટલોમાં ૨,૪૭૧ નિયત કરેલ પ્રોસીજરો માટે કેશલેસ સારવાર પૂરી પાડવામાં આવે છે તેમ, આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સપ્ટેમ્બર ૨૦૨૧થી અત્યાર સુધીમાં ૧.૩૭ કરોડથી વધુ લાભાર્થીઓને નવા આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત ँસ્ત્નછરૂ-સ્છ યોજના હેઠળ સૌથી વધુ આયુષ્માન કાર્ડ બનાવવા માટે ભારત સરકાર તરફથી ગુજરાતને 'આયુષ્માન ઉત્કૃષ્ટતા પુરસ્કાર ૨૦૨૨' પણ પ્રાપ્ત થયો છે.

તાજેતરમાં ભારત સરકાર તરફથી વર્ષ ૨૦૨૨૨૩ દરમ્યાન ગુજરાતને બેસ્ટ પ્રેક્ટીસ માટે "આયુષ્માન ઉત્કૃષ્ટતા પુરસ્કાર ૨૦૨૩" એવોર્ડ પણ એનાયત કરેલ છે. હાલમાં રાજ્યની ૧,૭૦૯ સરકારી, ૭૬૮ ખાનગી અને ભારત સરકારની ૧૮ એમ કુલ ૨,૪૯૫ હોસ્પિટલ સંલગ્ન છે. જેમાં અંદાજીત દૈનિક ૩,૫૦૯ પ્રિ-ઓથ કેસ સારવાર માટે મુકવામાં આવે છે. આ યોજનાની અમલવારીમાં કોઈ પણ ગેરરીતી ન થાય તે માટે 'સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ' (જીછહ્લે)ની રચના કરવામાં આવી છે જયારે આ યુનિટ દ્વારા હોસ્પિટલોનું સતત મોનીટરીંગ પણ કરવામાં આવે છે તેમ, વધુમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને પોસાય તેવી આરોગ્ય સારવાર મળે અને તબીબી સેવા પાછળ થતાં ખર્ચમાં ઘટાડો કરવા માટે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સપ્ટેમ્બર ૨૦૧૨માં 'મા અમૃતમ યોજનાનો પ્રારંભ કર્યો હતો. વર્ષ ૨૦૧૪માં આ યોજનાને વિસ્તારીને રૂ. ૪ લાખની વાર્ષિક આવક ધરાવતા પરિવારોને આ યોજના હેઠળ સામેલ કરવામાં આવ્યા છે. ગુજરાતમાં આ યોજનાને મળેલ અભૂતપૂર્વ સફળતા બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૮માં રાષ્ટ્રસ્તરે 'આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના' છ્મ ँસ્ત્નછરૂ સમગ્ર દેશમાં અમલી કરેલ છે. જે વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના છે. આ યોજના હેઠળ સરકારી સ્વાસ્થ્ય કેન્દ્રો ઉપર મફત તબીબી સેવાઓ ઉપરાંત, ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકો પણ ખાનગી હોસ્પિટલોમાં સ્વાસ્થ્ય સેવાઓનો લાભ મેળવી રહ્યા છે.

નોંધનીય છે કે, 'પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' સાથે ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૯માં 'મુખ્યમંત્રી અમૃતમ' સ્છ અને 'મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય' સ્છફ યોજનાને સંકલિત કરી આ યોજનાઓના તમામ લાભાર્થીઓ "પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-માં" આયુષ્માન કાર્ડ આપવામાં આવે છે.

આ યોજના અંતર્ગત કુટુંબના દરેક સભ્યને વ્યક્તિગત "આયુષ્માન કાર્ડ" આપવામાં આવે છે. જેમાં નિયત માપદંડો ધરાવતા પરિવારોને નિયત ઓપરેશનો માટે રૂ. ૧૦ લાખનું વિનામૂલ્યે આરોગ્યકવચ આપવામાં આવે છે. આ યોજનાની મદદથી લાભાર્થીઓ જરૂરિયાતના સમયે સામાન્ય બિમારીથી લઈને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ, હૃદયની સારવાર, કેન્સર જેવી અતિગંભીર બિમારીઓ માટે પોતાના રહેઠાણની આસપાસ પસંદગીની ખાનગી તેમજ સરકારી હોસ્પિટલમાં વિનામૂલ્યે સારવાર મેળવી શકે છે.

# ગુજરાતનાં બે પશુપાલકોને 'રાષ્ટ્રીય ગોપાલ રત્ન' એવોર્ડ



## દેશભરમાંથી પશુપાલકોની આવેલી કુલ ૧૭૭૦ અરજીઓ પૈકી અલગ અલગ ત્રણ કેટેગરી માટે પસંદગી પામેલા ૧૦ પશુપાલકોમાં ગુજરાતના બે પશુપાલકોનો સમાવેશ

અમદાવાદ,તા.૦૭

રાષ્ટ્રીય દૂધ દિવસ નિમિત્તે આસામ ખાતેથી કેન્દ્રીય પશુપાલન અને ડેરી મંત્રી પરષોત્તમ રૂપાલાના હસ્તે રાષ્ટ્રીય ગોપાલ રત્ન પુરસ્કાર એનાયત કરાયા છે. દેશભરમાંથી પશુપાલકોની આવેલી કુલ ૧૭૭૦ અરજીઓ પૈકી અલગ અલગ ત્રણ કેટેગરી માટે પસંદગી પામેલા ૧૦ પશુપાલકોમાં ગુજરાતના બે પશુપાલકોનો સમાવેશ કરાયો છે. દેશી ગાય/ભેંસની બ્રીડ ઉછેરનાર શ્રેષ્ઠ પશુપાલક કેટેગરીમાં બે ગુજરાતી પશુપાલકોને 'રાષ્ટ્રીય ગોપાલ રત્ન' એવોર્ડ પ્રાપ્ત થતા પુનઃ ગુજરાતના પશુપાલકોએ રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે. રાષ્ટ્રીય દૂધ દિવસ નિમિત્તે આસામ ખાતે યોજાયેલા સમારોહમાં કેન્દ્રીય પશુપાલન અને ડેરી મંત્રી પરષોત્તમ રૂપાલાના હસ્તે દેશી ગાય/ભેંસની બ્રીડ ઉછેરનાર શ્રેષ્ઠ પશુપાલક કેટેગરીમાં સુરતના નિલેશભાઈ આહીર દ્વિતિય ક્રમે અને વલસાડના બ્રિન્દા શાહને તૃતીય ક્રમે 'રાષ્ટ્રીય ગોપાલ રત્ન' પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય ગોપાલ રત્ન પુરસ્કાર એ પશુધન અને ડેરી ક્ષેત્રના સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કારોમાંનો એક છે. એટલુ જ નહિં, પશુધન ક્ષેત્રનું આજે ભારતીય અર્થતંત્રમાં ખુબ મોટું યોગદાન છે. આ ક્ષેત્રમાં કાર્યરત એઆઈ ટેકનિશિયન અને ડેરી સહકારી મંડળીઓ/દૂધ ઉત્પાદક કંપની/ડેરી ખેડૂત ઉત્પાદક સંસ્થાઓને આ એવોર્ડ ૧. દેશી ગાય/ભેંસની જાતિઓ ઉછેરના શ્રેષ્ઠ ડેરી ખેડૂત, ૨. શ્રેષ્ઠ ડેરી સહકારી મંડળી /દૂધ ઉત્પાદક કંપની/ડેરી ખેડૂત ઉત્પાદક સંસ્થા અને ૩. શ્રેષ્ઠ કૃત્રિમ બીજદાન ટેકનિશિયન (છૈં) એમ કુલ ત્રણ કેટેગરીમાં આપવામાં આવે છે. આ માટે ઓનલાઈન પોર્ટલ પર દેશભરમાંથી પશુપાલકો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, દેશભરમાંથી પશુપાલકોની આવેલી કુલ ૧૭૭૦ અરજીઓ પૈકી અલગ-અલગ ત્રણ કેટેગરી માટે પસંદગી પામેલા ૧૦ પશુપાલકોમાં ગુજરાતના બે પશુપાલકોનો સમાવેશ થયો છે.

### અંબાજીને હવે રેલવે લાઈન સાથે જોડવામાં આવશે

# અંબાજીમાં ઝડપથી તૈયાર અદ્યતન રેલવે સ્ટેશન થશે

## રેલવેના અધિકારીઓ કેન્દ્ર સરકારની સૂચનાઓ મુજબ હવે અંબાજીની મુલાકાત લઈ કાર્ય ઝડપથી હાથ ધરાય એ માટે પ્રયાસ હાથ ધરવા માટે કાર્યવાહી શરુ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

બનાસકાંઠા, તા.૭

અંબાજીને હવે રેલવે લાઈન સાથે જોડવામાં આવનાર છે અને આ માટેની હવે કાર્યવાહી પણ શરુ કરવામાં આવી છે. પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરે દર્શન કરવા માટે ભક્તોએ પહોંચવા માટે બ્રોડગેજ રેલવે લાઈનનો સીધો લાભ મળી રહેશે. અંબાજીમાં આ માટે અદ્યતન સુવિધાઓ સાથે સુંદર રેલવે સ્ટેશન ૧૦૦ રુમ પેસેન્જર નિવાસ સાથે તૈયાર કરવામાં આવનાર છે.

અંબાજીમાં ભક્તોની ભીડ મોટા પ્રમાણમાં ઉમટતી હોય છે. પૂનમ ઉપરાંત ભાદરવી મેળા સહિત તહેવારો અને રજાઓના દિવસોમાં સ્થાનિક અને અન્ય રાજ્યથી ભક્તોની ભીડ ઉમટતી હોય છે. હવે દૂર દૂરથી આવતા ભક્તોને આવવા માટે કેન્દ્ર સરકારે મોટી ભેટ આપી છે. ભક્તો માટે બ્રોડગેજ રેલવે લાઈનનુ કામ શરુ કરવાનુ જાહેર કર્યા બાદ હવે રેલવેના અધિકારીઓ દ્વારા અંબાજીની મુલાકાતો શરુ થઈ ગઈ છે. પ્રસિદ્ધ શક્તિપીઠને દેશના અન્ય રાજ્યોની સાથે સીધી ટ્રેનથી જોડવામાં આવનાર છે. આ માટે હજુ સત્તાવાર રીતે ટ્રેન અંગે કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા નથી. પરંતુ જે રીતે મોટા પાયે આયોજન કરવામાં આવી રહ્યા છે, એ અન્ય મોટા શહેરો અને રાજ્ય સાથે સાંકળતો રેલ ટ્રેક હોવાને ધ્યાને રાખીને કરવામાં આવી રહ્યુ છે.

ભારતીય રેલવેના અધિકારીઓ અંબાજીની મુલાકાત લીધી હતી. અંબાજીને રેલવે લાઈનથી જોડવા માટે ઝડપી પ્રોજેક્ટનુ કાર્ય હાથ ધરવામાં આવનાર છે.

રેલવેના અધિકારીઓ કેન્દ્ર સરકારની સૂચનાઓ મુજબ હવે અંબાજીની મુલાકાત લઈ કાર્ય ઝડપથી હાથ ધરાય એ માટે પ્રયાસ હાથ ધરવા માટે કાર્યવાહી શરુ કરી છે. અંબાજીમાં વિશાળ અને અદ્યતન રેલવે સ્ટેશન તૈયાર કરવામાં આવનાર છે.

### રાજકોટ સિવિલ હોસ્પિટલની વધુ એક ગંભીર બેદરકારી

# રાજકોટ સિવિલમાં થેલેસેમિયાના દર્દીઓ માટે દવાનો સ્ટોક અપૂરતો

## આ તરફ સિવિલમાં સ્ટોક ન હોવાથી જો બહારથી ખરીદવામાં આવે તો આ કેલ્ફર દવાની ઉંચી કિંમત સામાન્ય અને ગરીબ પરિવારને પરવડે તેમ નથી

રાજકોટ, તા.૭

રાજકોટ સિવિલ હોસ્પિટલની વધુ એક ગંભીર બેદરકારી સામે આવો છે. વાત જાણે એમ છે કે, સિવિલમાં થેલેસેમિયાના દર્દીઓ માટેની દવાઓનો સ્ટોક અપૂરતો હોવાનુ સામે આવ્યું છે. રાજકોટ સિવિલમાં ૬૦૦ જેટલા દર્દીઓ થેલેસેમિયાની સારવાર લઈ રહ્યા છે. આ તરફ હવે થેલેસેમિયાની સારવારમાં અતિઉપયોગી ગણાતી કેલ્ફર દવાનો સ્ટોક ખાલી હોવાનું સામે આવતા ચકચાર મચી ગઈ છે.

રાજકોટ સિવિલમાં છેલ્લા એક મહિનાથી કેલ્ફર દવાનો સ્ટોક ખાલી થતા દર્દીઓને હાલાકી પડી રહી છે. મહત્વનું છે કે, થેલેસેમિયાના દર્દીઓને જો આ દવા ન મળે તો દર્દીના હાર્ટ, લિવર અને કિડની પર ગંભીર અસર પડે છે. આ તરફ સિવિલમાં સ્ટોક ન હોવાથી જો બહારથી ખરીદવામાં આવે તો આ કેલ્ફર દવાની ઉંચી કિંમત સામાન્ય અને ગરીબ પરિવારને પરવડે તેમ નથી. જેને લઈ થેલેસેમિયાના દર્દીઓ દ્વારા સિવિલ અધિક્ષકને રજૂઆત કરવામાં આવી હતી.

સિવિલમાં થેલેસેમિયાના દર્દીઓ માટેની દવાઓનો સ્ટોક અપૂરતો હોવાનું સામે આવતા દર્દીઓને હાલાકી ઊભી થઈ છે. થેલેસિમિયામાં અતિઉપયોગી એવી કેલ્ફર દવાનો સ્ટોક સિવિલમાં છેલ્લા એક મહિનાથી ખાલી હોવાનુ સામે આવ્યું છે. કેલ્ફર દવા થેલેસેમિયાના દર્દીઓના શરીરમાં લોહતત્વ કંટ્રોલ કરવાનું કામ કરે છે. મહત્વનું છે કે, એક દર્દી દરરોજની ૮થી ૧૦ ગોળી લેવી પડે છે. દવા બહાર ખરીદી કરતા ૪૫૦ થી ૫૦૦ રૂપિયાની માત્ર ૧૨ ગોળી આવે છે.

આ તરફ સિવિલ સ ુ પ્ર ી ટ ે ન્ ડ ન્ ટ આર.એસ.ત્રિવેદીએ આ મામલે નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, ફાર્મસીસ્ટ સાથે સ્ટોક અંગે માહિતી મંગાવી છે. દવાની અછત હોવાનું સિવિલ સુપ્રીટેન્ડન્ટે સ્વીકાર કર્યો છે. આ સાથે તેમણે કહ્યું કે, આજે સાંજ સુધીમાં દવાનો જથ્થો મંગાવી લેવાશે. આ સાથે LR મશીન પણ બંધ હોવાથી તાત્કાલિક અસરથી શરૂ કરવામાં આવશે.

# ગુજરાતના ગરબાને યુનેસ્કોમાં સ્થાન, વિશ્વની સાંસ્કૃતિક ધરોહર તરીકે ઓળખાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા.૭

ગુજરાતનું ગૌરવ સમાન ગરબા ગુજરાત અને દેશના સીમાડા ઓળંગીને વૈશ્વિક ઓળખ બની ચૂક્યો છે.

ત્યારે યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશન સાયન્ટિફિક એન્ડ કલ્ચર ઓર્ગેનાઈઝેશન એટલે કે, યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબાને ઈન્ટેન્જિબલ કલ્ચર હેરિટેજ જાહેર કરવામાં આવશે. યુનેસ્કો દ્વારા આયોજિત બોત્સાવાના ખાતે સમારોહનું આયોજન થયું છે. જેનું જીવંત પ્રસારણ આજે સાંજે છ વાગ્યે કરાશે.

આ માટે ચાર સ્થળો પરંપરાગત ગરબા સાથે વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે તેમ સરકારની સત્તાવાર યાદીમાં જણાવાયું છે. ગરબો એ ગુજરાત અને ભારતીય સંસ્કૃતિની વૈવિધ્યપૂર્ણ એકતા દર્શાવતું મહત્વનું સ્થાન ધરાવે છે. ગરબાને માં આદ્યશક્તિની ઉપાસના તરીકે જોવામાં આવે છે. જાતિ ધર્મ ભાષા બોલીના ભેદથી ઉપર ઊઠીને સામાજિક સમરસતા અને સમૂહ જીવનને આકાર આપવામાં એ મહત્વનું સ્થાન લીધું છે. ગુજરાતના પ્રજાજીવનને ધબકતું રાખવા અને જીવંત રાખવા ગરબાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ ગરબાનો સૌથી મોટો ઉત્સવ નવરાત્રી એટલે કે વિશ્વનો સૌથી લાંબો ચાલનારો ઉત્સવ પણ બની ચૂક્યો છે.

# રાજકોટમાં વિઝા ફેસેલીટેશન કેન્દ્રની સ્થાપના કરવા સાંસદ મોહન કુંડારીયાની લોકસભા અધ્યક્ષને રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા. ૭


લોકસભામાં રાજકોટનાં સાંસદ મોહન કુંડારીયાએ શૂન્ય કાળ દરમ્યાન લોકસભા મહાસચિવને પત્ર પાઠવીને એવી રજુઆત કરી છે કે, રાજકોટમાં વીઝા ફેસેલીટેશન કેન્દ્ર સ્થાપવામાં આવે. મોહન કુંડારીયાએ લોકસભાનાં સ્પીકરને સંબોધન કરીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, રાજકોટ સૌરાષ્ટ્રનું મુખ્ય શહેર છે અને સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી બહુ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વેપારીઓ બહુ મોટી સંખ્યામાં જાય છે તેમજ રાજકોટનું વ્યુહાત્મક મહત્વ પણ છે. તેટલું જ નહી તાજેતરમાં રાજકોટમાં એઈમ્સ તેમજ હિરાસરમાં નવું ગ્રીનફિલ્સ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પણ શરૂ કરવામાં આવ્યું છે રાજકોટ ભારતનું ૩૫મું સૌથી મોટુ શહેર છે અને વિશ્વ સ્તરે સૌથી ઝડપી વિકાસ પામી રહેલા શહેરોમાં રાજકોટનો ૨૨મો નંબર છે તેથી રાજકોટમાં વિઝા ફેસેલીટેશન સેન્ટર (વીએફએસ)ની સ્થાપના કરવાથી ન માત્ર કિંમતી સમયની બચત થશે પરંતુ વિદેશ જનાર લોકો અને મુસાફરોને નાણાંકીય રાહતો મળશે આ મહત્વપૂર્ણ તથ્યોને ધ્યાનમાં રાખતા મોહન કુંડારીયાએ ભારત સરકારનાં વિદેશમંત્રીને નિવેદન કરતા જણાવ્યું છે કે તેઓ તત્કાલ રાજકોટ શહેરમાં વિઝા ફેસેલીટેશનની સ્થાપના કરવાનો આદેશ આપે તેવું મોહન કુંડારીયાનાં પત્રમાં જણાવ્યું છે.

# સમગ્ર યુરોપમાં હજારો લોકોએ ગાઝામાં યુદ્ધવિરામની માંગ સાથે ઈઝરાયેલનો વિરોધ કર્યો

ગાઝા, તા.૭

ઈઝરાયેલી હુમલાનો વિરોધ કરવા અને ગાઝા પટ્ટીમાં યુદ્ધ વિરામની માગણી કરવા માટે તાજેતરમાં હજારો લોકો યુરોપિયન રાજધાનીઓમાં શેરીઓમાં ઉતર્યા હતા. વિરોધકર્તાઓએ ઘેરાયેલા પ્રદેશમાં ચાલી રહેલી ગંભીર માનવતાવાદી પરિસ્થિતિનો સામનો કરવા ઈઝરાયેલ ઉપર દબાણ લાવવા તેમની સરકારોને ફરી એક વખત આગ્રહ કરવા માટે શ્રેણીબદ્ધ વિરોધ પ્રદર્શન કર્યા. ફ્રાન્સમાં વિરોધીઓએ પેલેસ્ટીનના સમર્થનમાં તુલોઝ, નાઈસ તેમજ પેરિસ સહિત દેશભરમાં રેલીઓ યોજી હતી. પેરિસના રિપબ્લિક સ્કવેર ખાતે ભેગી થયેલી ભીડે પેલેસ્ટીન તરફી સૂત્રોચ્ચાર કરતા બેસ્ટિલ સ્કવેર તરફ કૂચ કરી. ફ્રેન્ચ રેપર કેરી જેમ્સ, લા ફ્રાન્સ ઈનસોમિસ (LFI)ના સાંસદો થોમસ પોર્ટેસ, લુઈસ બોયાર્ડ, મેથિલ્ડે પનોટ, કાર્લોસ માર્ટેન્સ બિલાંગો, પૂર્વ ફ્રેન્ચ પ્રમુખ પદના ઉમેદવાર જીન-લુક મેલેન્ચોન હાજર હતા. પોર્ટેસે એનાદોલુને કહ્યું કે ઈઝરાયેલે ટૂંકા ગાળા પછી ફરીથી ગાઝામાં નરસંહાર શરૂ કર્યો. અધિકૃત વેસ્ટબેન્કમાં પેલેસ્ટીનીઓની હત્યાનો ઉલ્લેખ કરતા, તેમણે નોંધ્યું કે ગેરકાયદેસર વસાહતો બાળકોની હત્યા કરી રહી છે અને ઈઝરાયેલ વંશીય સફાઈ કરી રહ્યું છે. પોર્ટેસે ગાઝામાં જે થઈ રહ્યું છે તેની સામે મૌન રહેવા માટે આંતરરાષ્ટ્રીય સમુદાય અને ફ્રેન્ચ સરકારની ટીકા કરી. તેમણે ઈઝરાયેલ ઉપર દબાણ લાવવા માટે રેલીઓ યોજવાનું ચાલુ રાખવાનું વચન આપ્યું હતું. પેલેસ્ટીની કારણ એ ન્યાયી કારણ છે. અલજીરિયાના વિકલાંગ દેખાવકાર હસન ગેને જણાવ્યું હતું કે તે ગાઝામાં પેલેસ્ટીનીઓને સમર્થન આપવા માટે વિરોધ પ્રદર્શનમાં જોડાયો હતો. હું વ્હીલચેરમાં છું પરંતુ તેનાથી કોઈ ફરક પડતો નથી, પેલેસ્ટીનીઓની પીડા વધુ છે, તેમણે એનાદોલુને કહ્યું. પેલેસ્ટીનીકારણ એક ન્યાયી કારણ છે, પેલેસ્ટીનીઓ માટે એક રાજ્ય હોવું જરૂરી છે. બોમ્બમારો સમાપ્ત થવો જ જોઈએ, ગેઈને હૈયાફાટ રૂદન કરતા ઉમેર્યું. અગાઉ શનિવારે પેરિસના ઉપનગરોમાં એક વિરોધ કરવામાં આવ્યો હતો જયાં પેલેસ્ટીની સમર્થકો ઈઝરાયેલને સમર્થનના કારણે બહિષ્કારની હાકલ કરવા માટે સુપરમાર્કેટ ચેઈનની બહાર એકઠા થયા હતા. પ્રદર્શનકારીઓએ પેલેસ્ટીનમાં ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલ નરસંહાર વિશે જાગૃતિ લાવવા માટે પત્રિકાઓનું વિતરણ કર્યું. વિરોધીઓએ બાર્સેલોના, વેલેન્સિયા, બિલ્બા સહિત સમગ્ર સ્પેનમાં રેલીઓ યોજી હતી. તેઓએ તાત્કાલિક યુદ્ધ વિરામ અને ઈઝરાયેલના બહિષ્કારની માંગ કરી અને સરકારને ઈઝરાયેલ ઉપર દબાણ કરવા પ્રોત્સાહિત કર્યા. પોડેમોસ જેવા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓએ વિરોધ પ્રદર્શનમાં હાજરી આપી હતી. પ્રદર્શનકારીઓએ સ્પેનિશ સરકારને ગાઝામાં યુદ્ધ વિરામ ન થાય ત્યાં સુધી ઈઝરાયેલ સાથેના સંબંધો કાપી નાખવા અપીલ કરી. ઓસ્ટ્રિયાની રાજધાની વિયેનામાં માનવતાવાદી વિરામના અંત પછી ફરી શરૂ થયેલા ઈઝરાયેલી હુમલાનો વિરોધ કરવા માટે પ્રદર્શનકારીઓ મધ્ય મારિયાહિલ્ફ વિસ્તારમાં એકઠા થયા હતા. અમારી સંપૂર્ણ ભાવન પેલેસ્ટીનીઓ સાથે છે. દરમ્યાન વિરોધીઓએ ગાઝા ઉપર ઈઝરાયેલના હુમલાના વિરોધમાં મિલાન અને માલ્ટાની રાજધાની વેલેટામાં પણ દેખાવો કર્યા હતા. પેલેસ્ટીની ધ્વજ સાથે લગભગ ૧,૦૦૦ લોકોએ મિલાનમાં કૂચ યોજી ફ્રી પેલેસ્ટીનના નારા લગાવ્યા. યુકે અને જર્મની સહિત અન્ય યુરોપિયન દેશોમાં સંખ્યાબંધ વિરોધ પ્રદર્શનો યોજાયા હતા.

# નાગરિકતા સુધારા કાયદાનો અમલ થતાં કોઈ પણ રોકી નહીં શકે : અમિત શાહ



કોલકતા તા.૭

આવતા વર્ષે એપ્રિલ-મેમાં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે પશ્ચિમ બંગાળમાં રાજકારણ ગરમાવા લાગ્યું છે. કેન્દ્રમાં સત્તારૂઢ ભાજપે રાજ્યમાં લોકસભા ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે. આ પ્રસંગે એક રેલીને સંબોધતા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું કે કેન્દ્ર સરકાર નાગરિકતા સંશોધન કાયદો (CAA) લાગુ કરશે અને તેને કોઈ રોકી શકશે નહીં. આ એજ કાયદો જેના હેઠળ ભાજપે મુસ્લિમોને બાકાત રાખી અન્ય ધર્મ પાડોશી દેશોથી આવનારા લોકોને નાગરિકતા આપવાનો વાયદો કર્યો છે. તેના લીધે ભાજપે જોરદાર વિરોધનો સામનો કરવો પડ્યો હતો અને પછી કોરોના મહામારી આવી જતાં પીછેહઠ કરવી પડી હતી. આ પ્રસંગે તેમણે તુષ્ટિકરણ, ઘૂસણખોરી, ભ્રષ્ટાચાર અને રાજકીય હિંસા જેવા મુદ્દાઓ ઉપર મુખ્યમંત્રી મમતા બેનરજી ઉપર આકરા પ્રહારો કર્યા અને લોકોને તેમની સરકારને ઉથલાવી દેવા અને આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ચૂંટવા વિનંતી કરી. રેલીમાં ઉમટેલી ભીડ ઉપર ખુશી વ્યક્ત કરતા તેમણે કહ્યું કે તે લોકોના મૂડને દર્શાવે છે. તેમણે દાવો કર્યો હતો કે ભાજપ ૨૦૨૬માં બે તૃતિયાંશ બહુમતી સાથે રાજ્યમાં સત્તામાં આવશે. શાહે કહ્યું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં રાજ્યમાં ભાજપનું પ્રદર્શન વિધાનસભા ચૂંટણીમાં તેની જીતનો પાયો નાખશે. વિવાદાસ્પદ CAAનો ઉલ્લેખ કરતા શાહે કહ્યું કે મમતા બેનરજી તેનો વિરોધ કરી રહી છે, પરંતુ તેને લાગુ થતા કોઈ રોકી શકશે નહીં. વિપક્ષના આ કાયદા સામેના કડક વલણ વચ્ચે કેન્દ્ર સરકારે હજુ સુધી તેના નિયમો બનાવ્યા ન હોવાને કારણે આ કાયદો હજુ અંધકારમાં છે. શાહ ઐતિહાસિક એસ્પ્લેનેડ ખાતે પાર્ટીની રેલીને સંબોધિત કરી રહ્યા હતા. પાર્ટીએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં રાજ્યની ૪૨માંથી ૧૮ બેઠકો જીતી હતી, જે અત્યાર સુધીની સૌથી વધુ છે.


# ચીન, અમેરિકા અને યુરોપમાં શ્વસન સંબંધી રોગોમાં વધારો થવાને કારણે ભારતના છ રાજ્યો હાઈ એલર્ટ ઉપર

નવી દિલ્હી, તા.૭

બિઝનેસ ટુડે મુજબ ચીનમાં શ્વસન સંબંધી બીમારીઓમાં વધારો થવાના પ્રતિભાવમાં કેન્દ્રના નિર્દેશને અનુસરીને છ ભારતીય રાજ્યો-રાજસ્થાન, ગુજરાત, ઉત્તરાખંડ, કર્ણાટક, હરિયાણા અને તમિલનાડુએ આરોગ્યસંભાળની તૈયારીના પ્રયાસો વધારી દીધા છે. કર્ણાટક આરોગ્ય વિભાગ નાગરિકો અને આરોગ્યસંભાળ કર્મચારીઓને ખાસ કરીને શિશુઓ, વૃદ્ધો અને રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે જોખમી મોસમી ફ્લૂના કિસ્સાઓ ઉપર નજર રાખવા માટે ચેતવણી આપી રહ્યું છે, મોસમી ફ્લૂ ચેપી છે, સામાન્ય રીતે પાંચથી સાત દિવસ સુધી ચાલે છે પરંતુ તે ઓછા રોગિષ્ઠતા અને મૃત્યુદર માટે જાણીતું છે. રાજસ્થાન તકેદારી ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને ઝડપી પ્રતિસાદ ટીમોને સક્રિય કરી રહ્યું છે, અધિકારીઓને માંદગીમાં વધારા સામે એકશન પ્લાન તૈયાર કરવા આગ્રહ કરી રહ્યું છે. દરમિયાન બિઝનેસ ટુડે મુજબ, ગુજરાતના આરોગ્ય પ્રધાન કેન્દ્ર સરકાર સાથે સંકલન કરી રહ્યા છે અને ખાતરી આપી છે કે, સંપૂર્ણ સાધનો તૈયાર છે. કેન્દ્ર સરકાર સ્થિતિ ઉપર નજર રાખી રહી છે ICMRએ કેટલીક એડવાઈઝરી પણ જાહેર કરી છે. દિલ્હીના આરોગ્ય પ્રધાન સૌરભ ભારદ્વાજે ચીનના બાળકોમાં પણ શ્વસન ચેપની નોંધ લીધી છે અને ચોક્કસ માર્ગદર્શિકાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે. ચીનમાં ખાસ કરીને બાળકોમાં શ્વસન સંબંધી બીમારીઓ અને ન્યુમોનિયાના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. આ ચિંતાઓ વચ્ચે ભારતીય રાજ્યો ચીનમાં વિકસતિ પરિસ્થિતિને અનુરૂપ હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તૈયારી અને પ્રતિભાવ યોજનાઓને સુનિશ્ચિત કરવા સક્રિય પગલાં લઈ રહ્યા છે. દરમ્યાન વૈશ્વિક ચિંતાઓ પણ વધતી જાય છે, યુનાઈટેડ સ્ટેટ્સમાં ઓહિયોએ ચીનની સ્થિતિનો પડઘો પાડતા જેને વ્હાઈટ લંગ સિન્ડ્રોમ કહેવામાં આવે છે તેમાં વિચિત્ર વધારો નોંધાવ્યો હતો, હિન્દુસ્તાન ટાઈમ્સ અહેવાલ આપે છે. આ પ્રકારના પ્રકોપની જાણ કરનાર ઓહિયો પ્રથમ યુએસ રાજ્ય બન્યું. જ્યાં ન્યુમોનિયા ફાટી નીકળવાની સાથે મોટી સંખ્યામાં બાળકો હોસ્પિટલોમાં દાખલ થયા છે.

# ‘૩ શિફ્ટમાં કામ કરવું જોઈએ’ : ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરના કર્મચારીઓ માટે નારાયણ મૂર્તિની દરખાસ્ત

(એજન્સી) તા.૭



ઈન્ફોસિસના સહ-સ્થાપક એન.આર. નારાયણ મૂર્તિએ તાજેતરમાં જણાવ્યું હતું કે, સરકારે પ્રાથમિકતાના આધારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને સંપૂર્ણ રીતે તૈયાર કરવાની જરૂર છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઉદ્યોગે એકને બદલે ત્રણ પાળીમાં કામ કરવું જોઈએ. નારાયણ મૂર્તિએ આ ટિપ્પણી બુધવારે બેંગ્લુરૂ ટેક સમિટમાં ઝેરોધાના સહ-સ્થાપક નિખિલ કામથ સાથેની વાતચીત દરમ્યાન કરી હતી. અહીં આગામી ૫-૧૦ વર્ષમાં બેંગ્લુરૂના વિકાસ માટેની આવશ્યકતાઓની ચર્ચા કરવામાં આવી હતી. ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ઉપરાંત, તેમણે અંગ્રેજી માધ્યમની શાળાઓ અને શહેરની પ્રગતિ માટે ઝડપી સરકારી નિર્ણયો અંગે પણ વાત કરી હતી. ભારતના સોફ્ટવેર નિકાસમાં નોંધપાત્ર યોગદાન આપનાર શહેર બેંગ્લુરૂ સ્થાનિક રોજગારની મર્યાદાને કારણે પ્રતિભા સંપાદનમાં પડકારોનો સામનો કરી રહ્યું છે. મૂર્તિએ પ્રતિભા સંસાધનોને વધારવા માટે અંગ્રેજી માધ્યમની શાળાઓની સ્થાપનાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગે તેમણે સરકારને બેંગ્લુરૂ મેટ્રો જેવા પ્રોજેક્ટને ઝડપી બનાવવા વિનંતી કરી અને સેક્ટરમાં ત્રણ-પાળીમાં કામ કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડસ્ટ્રીઝના લોકોએ ત્રણ શિફ્ટમાં કામ કરવું જોઈએ, તેઓએ માત્ર એક જ શિફ્ટમાં કામ કરવું જોઈએ નહીં. તેઓ સવારે ૧૧ વાગ્યે આવે છે અને સાંજે પાંચ વાગ્યે જાય છે. પરંતુ અન્ય દેશો, જેઓ ઉચ્ચ આકાંક્ષાઓ ધરાવે છે તેઓ બે શિફ્ટમાં કામ કરે છે. મે મધ્યરાત્રિએ પણ વિદેશમાં લોકોને કામ કરતા જોયા છે. હું ત્રણ શિફ્ટ માટે ખાતરી આપી શકતો નથી, પરંતુ હું ચોક્કસપણે બે પાળી માટે ભાર આપું છું. અમે તે બધા દેશો કરતા વધુ સારા બનવા માંગીએ છીએ. તો પછી શા માટે અમે અમારા લોકોને ત્રણ પાળીમાં કામ કરવા માટે કહેતા નથી ? કામદારો દ્વારા ત્રણ પાળીમાં કામ પૂર્ણ કરવા માટે તેમની જરૂરિયાતો શું છે તે તેઓને પ્રદાન કરો. જો આપણે આ કરીએ તો ભારત ચીન કરતાં ઝડપથી વિકાસ કરશે તેમાં કોઈ શંકા નથી. ગયા મહિને નારાયણ મૂર્તિએ એવું કહીને ચર્ચા જગાવી હતી કે દેશના યુવાનોએ સપ્તાહમાં ૭૦ કલાક કામ કરવું જોઈએ. મૂર્તિએ વૈશ્વિક સ્તરે ભારતની તુલનાત્મક રીતે ઓછી કાર્ય ઉત્પાદકતા અંગે વાત કરી હતી અને તાજેતરના દાયકાઓમાં અન્ય રાષ્ટ્રો દ્વારા મેળવેલી સફળતા સાથે સંરેખિત કરવા માટે દેશની કાર્ય સંસ્કૃતિમાં પરિવર્તનશીલ પરિવર્તનની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો.

# એન્કરીંગ અને ન્યુઝ એન્કરીંગની દુનિયામાં કદમ રાખવા માંગો છો ? જાણો ઝાકઝમાળ અને પૈસૌ આપતી કારકિર્દી વિષે


**તમારામાં એન્કર બનવાની કેટલી આવડત છે તે શાળા કે કોલેજના જમાનાથી જ ખબર પડી જાય છે. તમે જો વિદ્યાર્થીકાળથી જ જો તમે સ્ટેજ ઉપર લોકોને સંબોધી શકતા હોય, જાહેર કાર્યક્રમોમાં સેંકડો હજારો લોકોને જકડી રાખે તેવું બોલી શકતા હોવ, ભાષા ઉપર પકડ હોય તો તુરંત જ ચાન્સ મળે છે. ટેકનોલોજીના ઉદયથી રેડિયો, સોશિયલ મીડિયા, પોડકાસ્ટ અને ટેલિવિઝનનો જમાનો હોવાથી ખ્યાતનામ મીડિયા હાઉસ દ્વારા સમયાંતરે જાહેરાતો આવતી જ હોય છે. તેમા ઓડીશન આપીને એન્કર કે જોકી તરીકે જોડાઇ શકાય છે. તેઓ ઓપન ઓડીશન કરતા હોય છે અને બેસ્ટ ટેલેન્ટ પસંદ કરે છે. આવી જાણિતી સંસ્થામાં જોડાયા પછી ખ્યાતિ તુરંત જ પ્રાપ્ત થઇ જાય છે. નસીબ અને મહેનતના સમન્વયથી આગળ વધી શકાય છે. ત્યારબાદ મોટા મોટા કાર્યક્રમોમાં હોસ્ટીંગનું આમંત્રણ મળે છે, મોટા વ્યક્તિઓને મળવાનું થાય છે અને પછી મોટા ચાન્સ પણ મળે છે. સરવાળે નામ, દામ અને ગ્લેમર આપતી દુનિયાના એક ભાગ તમે પણ થઇ શકો છો.**

આજે આપણે એક અનોખા કરિયરની વાત કરવી છે કે જેમાં તમારા અભ્યાસ કરતા આવડતને મહત્ત્વ આપવામાં આવે છે. ખાસ કરીને હાજર જવાબી, વાકપટુતા અને ભાષા ઉપર કાબૂ હોય તો આ ત્રિવેણી આવડતની સાથે જો તમે તમારો સંદેશો ઓછા શબ્દમાં, સ્પષ્ટ રીતે અને તે પણ શ્રોતાઓને મજા આવે તે રીતે બોલી શકતા હોય તો આ કરિયર તમારા માટે જ છે. આ એક કરિયર એવું છે કે, જેમાં બોલવાના પૈસા મળે છે. બોલે તેના બોર વેચાય તે ઉક્તિ અહિં સાર્થક થાય છે. વળી તમે ક્યારે સેલિબ્રિટી બની જાવ તે નક્કી નથી. આ ક્ષેત્રમાં વ્યક્તિ જે હંમેશા એક સપનુ સેવતો હોય છે કે તેને નામ, દામ અને પ્રતિષ્ઠા તમામ વૈભવ મળી રહે છે. તો તમે હવે બરાબર સમજી ગયા હશો કે હું વાત કરૂ છું એન્કરીંગ અને ન્યુઝ એન્કરીંગની કરિયરર તરીકેની. તો ચાલો આજે જાણીએ આ વૈભવી અને ઝાકઝમાળથી ભરપૂર કરિયર વિશે.

**● એન્કરીંગ એટલે શું ?**

એન્કરને આપણે હોસ્ટ પણ કહીએ છીએ અને સાદી ભાષામાં ઉદ્‌ઘોષક, પ્રસ્તુતકર્તા, યજમાન વગેરે કહી શકાય પરંતુ સૌથી પ્રચલિત શબ્દ ઉદ્‌ઘોષક છે. એન્કર એટલે કે ઉદ્‌ઘોષક કોઇ પુરૂષ કે સ્ત્રી હોઈ શકે છે. કોઈપણર કાર્યક્રમનું આયોજન કરીએ ત્યારે કાર્યક્રમના યજમાનો, મહેમાનો, આમંત્રિતો સહિત કાર્યક્રમની માહિતી હાજર શ્રોતાઓ અને ટેલિવિઝન કે ઓનલાઈન માધ્યમ હોય તો પ્રેક્ષકો સુધી પહોંચાડવી હોય તો એન્કરની જરૂર પડે છે. આ એન્કરનું કામ ખૂબ જ મહત્વનું છે. કાર્યક્રમને મનોરંજક, રસપ્રદ અને તેના પ્રત્યે શ્રોતાઓ કે પ્રેક્ષકોને રસ પડે તેમજ છેક સુધી જકડી રાખે તેવી રીતે બોલીને કે અભિવ્યક્ત કરીને કરવાની છટા હોવી ખૂબ જ જરૂરી છે. જો આ આવડત હોય તો જ તમે એન્કર બની શકો છો.

એન્કરીંગની વાત કરીએ તો ધારો કે કોઈ ન્યુઝનો કાર્યક્રમ છે તો અત્યારે ન્યુઝ રીડર અને ન્યુઝ એન્કર બન્નેની આવડત હોવી જરૂર હોય છે. પહેલા દૂરદર્શનના જમાનામાં માત્ર ન્યુઝ રીડર જ હતા કે જેઓ આપેલા ન્યુઝ સરળ ભાષામાં વાંચી જતા હતા. પરંતુ આજકાલ તો ન્યુઝ રીડર આગળ વધીને ન્યુઝ એન્કર થઈ ગયા છે. તેઓ ડીબેટ શો, ઈન્ટરવ્યુ અને ન્યુઝને લગતા ખાસ કાર્યક્રમોનું સંચાલન કરતા હોય છે. તેવી જ રીતે કોઈ મ્યુઝિક શો છે તો હોલમાં કલાકારો, ગીતકારોનું શ્રોતાઓ સમક્ષ વર્ણન કરવા માટે અને દર્શકોને વચ્ચે વચ્ચે પાનો ચડાવવા માટે એન્કરનની જરૂર પડે છે. ખાસ કરીને તમે જ્યારે બોલિવુડના એવોર્ડનો કાર્યક્રમ, કોઈ રિયાલિટી શો, ટોક શો વગેરેમાં એન્કર હોય છે. ટેલિવિઝનનો સૌથી પ્રખ્યાત કાર્યક્રમ કોન બનેગા કરોડપતિના હોસ્ટ મિલેનિયમ સ્ટાર અમિતાભ બચ્ચન કરે છે. તેમના એન્કરીંગના કારણે જ શો સુપરહિટ જાય છે. એવું કહેવાય છે કે આ કાર્યક્રમ અને અમિતાભ બચ્ચન એકબીજાના પર્યાય બની ગયા છે. તેવી જ રીતે રિયાલિટી શો બિગ બોસનું સંચાલન સલમાન ખરે છે, ધ કપિલ શર્મા શો તેના હોસ્ટ કપિલ શર્મા વગર અધૂરો છે. એન્કર અને હોસ્ટ વચ્ચે એક સામાન્ય ફરક છે તેને સમજાવવો મુશ્કેલ છે. કારણ કે ઘણી વખત એન્કર એક હોસ્ટની ભૂમિકા ભજવતા હોય છે જ્યારે હોસ્ટ એક એન્કરની ભૂમિકા ભજવતા હોય છે. એકબીજાના પર્યાય છે. એન્કરની આગળનો શબ્દ હવે હોસ્ટ થઈ ગયો છે.




**● તેના કેટલા પ્રકાર હોય છે ?**

આટલી વાત ઉપરથી તમને ખબર પડી ગઈ હશે કે એન્કરીંગ કયા કયા પ્રકારનું હોય છે. તેમ છતાં તેનું વિસ્તારપૂર્વક વર્ણન કરીએ તો એન્કરના અનેક પ્રકાર છે. ન્યુઝ એન્કર કે જે ન્યુઝ પ્રસ્તુત કરતા હોય છે. ઈવેન્ટ પ્રમાણે હોસ્ટ અલગ અલગ હોઈ શકે છે. ધાર્મિક કાર્યક્રમો હોય તો તેના માટે પણ એન્કર હોય છે. તે કાર્યક્રમમાં જમાવટ કરતા હોય છે. તેવી જ રીતે હાસ્ય કવિ સંમેલન હોય તો અમુક કવિ જ હોસ્ટની ભૂમિકામાં હોય છે. કોઈ જ્ઞાતિનો કાર્યક્રમ હોય તો તો તેના માટેના હોસ્ટ હોય છે, સરકારી કાર્યક્રમમાં પણ જાણિતા હોસ્ટ ઘણા હોય છે. ટેલિવિઝન અને સિનેમાની દુનિયામાં તો હોસ્ટની આખી અલગ દુનિયા છે. શરૂઆત મ્યુઝિક જોકી, રેડિયો જોકી કે હોસ્ટ તરીકે કર્યા પછી તેઓ બોલિવુડમાં કલાકાર બની ગયા હોય તેના પણ દાખલા છે. એમ ટીવીના હોસ્ટ સાયરસ બ્રોચા, નીખિલ ચિનપ્પા, શહેનાઝ ટ્રેઝરીવાલા વગેરે તેમના સમયમાં એટલા બધા પ્રખ્યાત થઈ ગયા હતા કે તે પછી તેઓ મનોરંજનની દુનિયામાં સિક્કો વાગતો હતો. કોઈપણ મોટો કાર્યક્રમ હોય તો તેઓ એન્કર તરીકે જતા, એક્ટીંગ પણ કરતા થઈ ગયા અને છેવટે સેલિબ્રિટી થઈ ગયા હતા. કોઈપણ ભજન, ડાયરો, કવ્વાલી, મહેફિલ, જલસા માટે એન્કર જો સારો હોય તો તેના ચાર ચાંદ લગાવી દે છે. આપ કી અદાલતના હોસ્ટ રજત શર્મા કાર્યક્રમના કારણે એટલા સફળ થઈ ગયા કે તેમણે પોતાની ચેનલ ઈન્ડિયા ટીવી શરૂ કરી દીધી. એનડીટીવીના સ્થાપક પ્રણોય રોય, બરખા દત્ત, રવિશ કુમાર વગેરે ન્યુઝ એન્કરીંગની દુનિયામાં ખૂબ જ નામના કમાયા છે.

**● કેવી રીતે બનાય એન્કર કે હોસ્ટ ?**

જો તમારે ન્યુઝ એન્કર બનવું હોય તો જર્નાલિઝમ અથવા માસ કોમ્યુનિકેશનનો કોર્ષ કરેલો હોય તો ફાયદો રહે છે. બાકી તો જો તમારામાં વિશેષ આવડત હોય, આકર્ષક દેખાવ, બોલવાની વિશેષ સ્ટાઈલ હોય, તેમજ વિવધ વિષયો અને ભાષા ઉપર પ્રભુત્વ હોય તો તમે એન્કર કે હોસ્ટ બની શકો છો. તમારા કરિયરની શરૂઆત મુખ્યત્વે ન્યુઝ ચેનલ, નાના મોટા ટીવી શો, લાઈવ શો કે રેડિયોમાં રેડિયો જોકી તરીકે થાય છે. ત્યારબાદ તમે આવડત પ્રમાણે આગળ વધી શકો છો. આજકાલ તો સોશિયલ મીડિયાના જમાનામાં તમારે કોઈ તાલીમની જરૂર નથી. જો તમને આત્મવિશ્વાસ હોય કે કોઈ વિષય ઉપર તમે બોલી શકો છો અને લોકોને સરળતાથી સમજાવી શકો છો તો તમે પોતે જ કોઈ ચોક્કસ વિષયના સારા એન્કર કે હોસ્ટ બની શકો છો. ધારો કે ઘણા ફુડ બ્લોગર, ફેશન બ્લોગર, મોટીવેશનલ સ્પીકર, મેનેજમેન્ટ ગુરૂ, ટેકનોલોજી એક્સપર્ટ બ્લોગર, ઓટોમોબાઈલ બ્લોગર, લાઈફ સ્ટાઈલ બ્લોગર વગેરે ચેનલો ચલાવતા સોશિયલ મીડિયા ઈન્ફલુઅન્સર્સ પોતાની રીતે સારામાં સારૂ કામ કરે છે અનેર કમાય છે. તમે નહિ માનો કે તેઓ સેલિબ્રિટી સ્ટેટસ ધરાવે છે. તેઓ એક જાતનું એન્કરીંગ અને હોસ્ટીંગ જ કરે છે. તો જો તમને એવું લાગે કે તમારામાં કોઈ વિશેષ આવડત છે તો તમે એક ચેનલ ચાલુ કરીને આ કામગીરીની શરૂઆત કરી શકો છો. રેડિયો જોકી તરીકે પ્રખ્યાત થયા પછી સ્વતંત્ર રીતે કાર્યક્રમનું એન્કરીંગ કરનારા પણ ઘણા રેડિયો જોકી છે. તમે રેડિયો મિર્ચીના ધ્વનિત રાવલનું તો નામ સાંભળ્યું જ હશે. તેઓ તો ગુજરાતી સિનેમાના કલાકાર અને ગાયક તરીકે પણ કામ કરી રહ્યા છે. તમારામાં એન્કર બનવાની કેટલી આવડત છે તે શાળા કે કોલેજના જમાનાથી જ ખબર પડી જાય છે. તમે જો વિદ્યાર્થીકાળથી જ જો તમે સ્ટેજ ઉપર લોકોને સંબોધી શકતા હોય, જાહેર કાર્યક્રમોમાં સેંકડો હજારો લોકોને જકડી રાખે તેવું બોલી શકતા હોવ, ભાષા ઉપર પકડ હોય તો તુરંત જ ચાન્સ મળે છે. ટેકનોલોજીના ઉદયથી રેડિયો, સોશિયલ મીડિયા, પોડકાસ્ટ અને ટેલિવિઝનનો જમાનો હોવાથી ખ્યાતનામ મીડિયા હાઉસ દ્વારા સમયાંતરે જાહેરાતો આવતી જ હોય છે. તેમા ઓડીશન આપીને એન્કર કે જોકી તરીકે જોડાઈ શકાય છે. તેઓ ઓપન ઓડીશન કરતા હોય છે અને બેસ્ટ ટેલેન્ટ પસંદ કરે છે. આવી જાણિતી સંસ્થામાં જોડાયા પછી ખ્યાતિ તુરંત જ પ્રાપ્ત થઈ જાય છે. નસીબ અને મહેનતના સમન્વયથી આગળ વધી શકાય છે ત્યારબાદ મોટા મોટા કાર્યક્રમોમાં હોસ્ટીંગનું આમંત્રણ મળે છે, મોટા વ્યક્તિઓને મળવાનું થાય છે અને પછી મોટા ચાન્સ પણ મળે છે. સરવાળે નામ, દામ અને ગ્લેમર આપતી દુનિયાના એક ભાગ થઈ શકો છો. તો મિત્રો આ હતી એન્કરીંગ અને હોસ્ટીંગની દુનિયાની વાતો. એમા તો સ્કાય ઈઝ ધ લિમિટ છે. તો તમે ઉપર જણાવેલી બાબતો તમારા સ્વભાવમાં ધરાવતા હોવ તો ચોક્કસપણે આ દુનિયામાં ઝંપલાવવું જોઈએ અને શરૂઆત અત્યારથી જ કરવી જોઈએ. તો જોઈ શું રહ્યા છો જરૂર છે માત્ર આત્મવિશ્વાસની અને હજારો લોકોને મંત્રમુગ્ધ કરતા શબ્દો બોલવાની.

ઓલ ધ બેસ્ટ.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા આર્ટીફીસીયલ ઇન્ટેલિજન્સ વિષય પર વર્કશોપ યોજાયો




જૂનાગઢ, તા.૭

રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચ શિક્ષણ કાર્યક્રમના આઈ.ડી.પી., આઈ.સી.એ.આર.અંતર્ગત જુનાગઢ કૃષિ યુનિવર્સીટીની કૃષિ ઈજનેરી અનેટેકનોલોજી મહાવિદ્યાલય અને આઈ.આઈ.ટી. રોપડના સયુંકત ઉપક્રમે "ગ્રોઈંગ રોલ ઓફ આર્ટીફીસીયલ ઈન્ટેલિજન્સઈન એગ્રીકલ્ચર : રેવોલ્યુનાઈઝિંગ ફાર્મિંગ પ્રેકટાઈસીસ" ના વિષય પરના બે દિવસીયવર્કશોપનું તા. ૪ અને ૫ ડીસેમ્બર-૨૦૨૩ના રોજ કૃષિ ઈજનેરી વિદ્યા શાખાના સેમીનાર હોલ ખાતે સફળ આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ બેદિવસીય વર્કશોપ સમારોહના અધ્યક્ષ અને ચીફ પેટ્રોન તરીકે જુનાગઢ કૃષિયુનિવર્સીટીના કુલપતિ ડો. વી. પી.ચોવટિયા, મુખ્ય મહેમાન તરીકે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીના કુલપતિ ડો. ચેતન ત્રિવેદી, સંશોધન નિયામક અને આઈ.ડી.પી. યોજનાના પી.આઈ. ડો. આર. બી. માદરીયા, કૃષિ ઈજનેરી કોલેજના પ્રિન્સીપાલ અને ડીન ડો. પી. એમ. ચૌહાણ, વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન. બી. જાદવ તેમજ ખાસ આમંત્રિતોમાં ડો. આર. એમ. સોલંકી, ડો. ડી. કે. વરૂ, ડો. બી.ડી. સાવલિયા ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરીઓ આઈ.ટી. નિયામક ડો. કે. સી. પટેલ, આઈ.આઈ.ટી., રોપરના સહ પ્રાધ્યાપક ડો. પુષ્પેન્દ્ર સિંઘ, કો-ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી પ્રો. જી. ડી. ગોહિલ તેમજ યુનિવર્સીટીના અધિકારીઓ, પ્રાધ્યાપકો અને ફેકલ્ટી મેમ્બર્સ ઉપસ્થિત રહેલ. આ બે દિવસીય વર્કશોપમાં જુનાગઢ, આણંદ અને સરદાર કૃષિ નગરની કૃષિ યુનિવર્સીટીના કુલ ૧૫૦ જેટલા ફેકલ્ટી મેમ્બરો તથા વિદ્યાર્થીઓએ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કુલપતિ ડો. વી. પી. ચોવટીયાએ તેમના ઉદબોધનમાં વિશ્વની રોકેટની ગતિએ વધતી જતી વસ્તી ૨૦૫૦ સુધીમાં ૧૦ અબજથી પહોંચવાનો અંદાજ છે. જેને જરૂરિયાત મુજબ ખોરાક પૂરો પાડવા માટે કૃષિમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડ્રોન અને રોબોટીક્સ જેવી આધુનિક ટેકનીકોનો ઉપયોગ કરવો અતિ આવશ્યક છે. પાકોના રોગ નિયંત્રણ, ચોકસાઈ પૂર્વકની ખેતી, પાક ઉપજ વધારવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગથી નોંધપાત્ર પ્રગતિ લાવી શકાશે.

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીના કુલપતિ ડો. ચેતન ત્રિવેદી એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજી દેશના યુવાનો માટે ઓછા ખર્ચે વધુ અને ઝડપી કૃષિ વિકાસ તેમજ આવકનું મુખ્ય સ્રોત બની શકે તેમ છે. ડો. આર. બી.માદરીયાએ તેમના વકતવ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ દ્વારા કૃષિમાં વધુ પડતા ખાતર તેમજ જંતુનાશક દવાઓના ઉપયોગ ને ઘટાડીઅને પાકની ઉપજમાં સુધારો લાવી શકાય છે. ડો. પી. એમ. ચૌહાણએ પ્રાસંગિક ઉદબોધનમાં આઈ.ડી.પી. યોજના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીમેમ્બરોના થયેલ સર્વાંગી વિકાસની વિગતવાર માહિતી આપેલ તેમજ અત્યાર સુધીમાં અંદાજીત ૧૦૨ જેટલા વિદ્યાર્થીઓ તેમજ ૧૦ પ્રાધ્યાપકોને આંતરરાષ્ટ્રીય તાલીમ માટે અમેરિકા, તાઈવાન, દુબઈ, ઈઝરાઈલ, થાઈલેન્ડ, ઓસ્ટ્રેલિયા, જાપાન, ન્યુઝીલેન્ડ વિગેરે દેશોમાં વિશ્વની જુદી જુદી ખ્યાતનામ સંસ્થાઓમાં આંતરરાષ્ટ્રીય તાલીમ અર્થે મોકલયા છે. તેમણે જણાવેલ કે કૃષિમાં ક્રાંતિ લાવવી હશેતો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવીઆધુનિક તકનીકોનો ઉપયોગ અનિવાર્ય છે.

આ બે દિવસીય વર્કશોપ દરમ્યાન યોજાયેલ વિવિધ સેશનોમાં ભારતની ખ્યાતનામ સંસ્થાઓમાંથી પધારેલા ડો. પુષ્પેન્દ્ર સિંહ, આઈઆઈટી (રોપડ), ડો. કાવ્ય દશોરા, આઈઆઈટી (નવી દિલ્હી), ડો. ઈન્દુ જોષી, એનઆઈટી (નવી દિલ્હી), ડો. સૌરવ પાંડે, ડો અમોલ અનેડો. રીતેશ કુમાર, સીએસઆઈઆર (ચંડીગઢ) તેમજ ડો. આનંદ, ઈસરો (અમદાવાદ) ના તજજ્ઞો દ્વારા બે દિવસ સુધી આર્ટિફિશિયલઈન્ટેલિજન્સને સલગ્ન વિવિધ વિષયો ઉપર તાલીમ આપવામાં આવેલ. આ એ દિવસીય વર્કશોપને સફળ બનાવવા માટે ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી ડો. કે.સી. પટેલ, કો-ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી પ્રો. જી.ડી. ગોહેલ, મદદનીશ પ્રાધ્યાપક પ્રો. દેવેન પટેલ તેમજ આઈ.ટી. સ્ટાફ ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# ઓપન જૂનાગઢ 'ગીતાજીના શ્લોકનું પઠન' સ્પર્ધા યોજાશે

જૂનાગઢ તા. ૭

કુરૂક્ષેત્રના યુદ્ધમાં ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા અર્જુનને જ્યારે ઉપદેશ આપવામાં આવ્યો હતો, એ દિવસને સનાતન ધર્મ માં ગીતા જયંતિ તરીકે ઉજવવામાં આવે છે. મનુષ્ય જીવનને શ્રેષ્ઠ કેમ બનાવવું , જીવનના અલગ - અલગ પડાવો પર કેવું કર્મ કરવું, એ વાત શ્રીમદ ભગવદ ગીતા શીખવે છે . હિંદુ સંસ્કૃતિમાં આ ખુબ મહત્વપૂર્ણ દિવસ છે.

આપણી આવનાર પેઢીમાં આ દિવસનું મહાત્મ્ય જળવાઈ રહે એવા હેતુથી શ્રી સમસ્ત બ્રહ્મયુવા ટ્રસ્ટ મહિલા પાંખ દ્વારા ગીતા જયંતિ ના દિવસે ઓપન જૂનાગઢ ગીતાજીના 'શ્લોકનું પઠન' કાર્યક્રમનું તા.૨૨/૧૨/૨૩ ના રોજ સાંજે ૪ કલાકે ગાયત્રી મંદિર, ગિરનાર દરવાજા ખાતે આયોજન કરવામાં આવેલ આયોજન કરવામાં આવ્યું છે.

ઓપન જૂનાગઢ ગીતાજીના શ્લોકનું પઠન સ્પર્ધામાં ભાગ લેવા માટેના નિયમો નીચે મુજબ છે. ૬ વર્ષ થી ઉપરની ઉંમરની કોઈપણ વ્યક્તિ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સમય મર્યાદા ૫ મિનિટ, ગીતાજીના કોઈપણ એક શ્લોક બોલીને અર્થ સમજાવવાનો છે. આ અંગેની વિશેષ માહિતી અને નામ લખાવવા માટે સંપર્ક કરો મોબાઈલ નં. ૯૪૦૮૭ ૫૩૨૦૦, ૯૮૨૫૧ ૨૧૬૮૮, ૯૯૭૮૧ ૨૪૪૯૨, ૯૪૦૮૯ ૪૮૪૩૫ ઉપર તા.૧૯-૧૨-૨૩ સુધીમાં નામ નોંધાવી દેવાના રહેશે.

# સિનીયર સિટીઝન મંડળના સભ્યોએ એક દિવસીય પ્રવાસની મોજ માણી

જૂનાગઢ તા. ૭

સિનીયર સિટીઝન્સ મંડળ જૂનાગઢના પ્રમુખ જે.બી. માંકડની એક યાદીમાં જણાવેલ છે કે, મંડળના ૧૪૦ સભ્યોનો તા.૩-૧૨-૨૩ ને રવિવારના રોજ મંડળ આયોજીત એક દિવસીય પ્રવાસ યોજવામાં આવેલ હતો. ઉબેણ નદીના કાંઠે પ્રાચીન ત્રિનેત્રેશ્વર મહાદેવના સાંનિધ્યમાં અને કોયલી મઠના પ્રવાસમાં જોડાયેલ તમામ સભ્યોએ આ પ્રવાસની મન મુકીને મજા માણી હતી. મંડળ તરફથી સવારનો નાસ્તો, બપોરનું જમવાનું અને સાંજની ચા ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શિવ આરાધના પછી મંડળના સભ્યોએ ગીત-સંગીત, રમત-ગમત, સંગીત ખુરશી, મટકી ફોડ વગેરેમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. બહેનોએ રાસ-ગરબા, કિર્તન દ્વારા ભોળાનાથના ગુણગાન ગાયા હતા. ગુલાબી ઠંડીમાં આ પ્રવાસમાં જોડાયેલ ૧૪૦ સભ્ય ભાઈ-બહેનોએ ખુબ આનંદ કર્યો હતો.

# ડો. ભીમરાવ આંબેડકરનાં ૬૮ માં મહાપરીનિર્વાણ દિન નિમિત્તે શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ




જૂનાગઢ તા. ૭

ગઈકાલે ૬ ડીસેમ્બર ભારતરત્ન મહામાનવ ડો.ભીમરાવ આંબેડકરના ૬૮માં મહાપરીનિર્વાણ દિન નિમિત્તે ઓબીસી, એસસી, એસટી મહાસંઘ જૂનાગઢ દ્વારા શ્રધ્ધાંજલી પુષ્પ અર્પણ કાર્યક્રમ કાળવા ચોક, બાબા સાહેબના સ્ટેચ્યુ ખાતે યોજેલ જેમાં જેઠાભાઈ પાનેરા, બટુકભાઈ મકવાણા, જીતુભાઈ મણવર, એડવોકેટ જિશાન હાલેપોત્રા, ચંદ્રિકાબેન રાખશીયા, જેઠાભાઈ ઓડેદરા, કિશોરભાઈ ચોટલીયા, એ.આર. સોલંકી, કરશનભાઈ રાઠોડ, ડી.કે. ચાવડા, કે.ડી. સગારકા, અર્જુનભાઈ દેત્રોજા, શબ્બીર અમરેલીયા, આયેશાબેન, નિલોફર સુમરા, બદરૂદીન અન્સારી, ઉમરભાઈ હાલેપોત્રા, સોહેલ સિદીકી સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

# UNM ફાઉન્ડેશન દ્વારા આયોજીત અભિવ્યક્તિની ૫મી આવૃત્તિ

# મોટી સંખ્યામાં મુલાકાતીઓ પુરજોશમાં ચાલી રહેલ પ્રદર્શનનો આનંદ માણી રહ્યા છે

અમદાવાદ, ૭

ટોરેન્ટ ગ્રૂપના UNM ફાઉન્ડેશન દ્વારા આયોજીત અભિવ્યક્તિ- ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટની પાંચમી આવૃત્તિમાં વિવિધ પ્રદર્શનનો પુરજોશમાં ચાલી રહ્યા છે અને તમામ ઉંમર અને જાતિના લોકો તેનો આનંદ માણી રહ્યા છે. પ્રદર્શન સ્થળે મુકવામાં આવેલ ૫૦ ઈન્ટોલેશન પણ મોટાભાગના મુલાકાતીઓમાં ઉત્સુકતા જગાડી રહ્યા છે.

આજના પ્રદર્શનમાં કીતન જાધવે "બોરો" નામની સંગીતમય વ્યંગ્યની રજુઆત કરી. આ થિયેટર પર્ફોર્મન્સમાં તેઓ એક એવા ચોરની વાર્તા રજુ કરે છે જે રાજાનો હમશકલ છે અને અંતે રાજાના મૃત્યુ પછી તેને સમ્રાટ તરીકે તાજ પહેરાવવામાં આવે છે. આ નવા અવતાર સાથે તેને મળેલી શક્તિ અને વૈભવથી ખુશ છે, છતાં તે ચોરીની મુળ લાક્ષણિક્તાઓથી છુટાકારો મેળવી શક્તો નથી.

આજના અન્ય એક પર્ફોર્મન્સમાં આસાવરી ગુરવે "સી ઓફ મેમરીઝ" નામનું લાગણી અને અનુભવ વચ્ચે રહેલ દોરને રજુ કરતુ એકાંકી નાટક રજુ કરે છે, જે વિવિધ આખ્યાનોને એક માળામાં પરોવે છે. તેમનું આ પર્ફોર્મન્સ સ્મૃતિની જટિલ કળાનું એક એવું કાવ્યાત્મક સંશોધન છે, જે તે તેના દોરાઓમાં ઉલઝેલી અસંખ્ય લાગણીઓને વ્યક્ત કરે છે.

અભિવ્યક્તિના સ્થળે ૫૦ થી વધુ કલાકારો દ્વારા પ્રદર્શિત વિઝ્યુઅલ આર્ટમાં પણ મુલાકાતીઓ ઉંડો રસ દાખવી રહ્યા છે, આ વિઝ્યુઅલ આર્ટમાં કલાકારોએ પોતાના નિરીક્ષણ અને અનુભવોથી વિવિધ વિષયો ઉપર સુંદર વાર્તાઓ રજુ કરી છે. અભિવ્યક્તિ સિટી આર્ટસ પ્રોજેકટની આ આવૃત્તિમાં, રજની ભોસલેનું વિઝ્યુઅલ આર્ટ ઈન્સ્ટોલેશન "ઓવર ધ માઈલ્સ" ભારતીય ક્રેન્સનાં ભાવનાત્મક ઊંડાણને અન્વેષણ કરે છે. 'લૉંગ ડિસ્ટન્સ' પ્રેમ અને અલગતાની સાર્વત્રિક થીમનું ચિત્રણ કરે છે, જ્યારે 'નેતાનું સ્વાગત કરવું' સામાજિક ગતિશીલતાની તપાસ કરે છે, ક્રેન્સ અને માનવ વર્તન વચ્ચે સમાનતા દોરે છે. તેણીની આબેહૂબ આર્ટવર્ક માનવીઓ અને કુદરતી વિશ્વ દ્વારા વહેંચાયેલા સામાન્ય અનુભવોના ચિંતન માટે પ્રોત્સાહિત કરે છે. વિઝ્યુઅલ આર્ટિસ્ટ નીપા મોદી તેમના "દાદા - દાદી નો ઓટલો" શીર્ષકના ઈન્સ્ટોલેશનમાં નાના બાળકો અને તેમના દાદા-દાદી વચ્ચેના પ્રેમભર્યા બોન્ડને દર્શાવવાનો પ્રયાસ કરે છે, જે તેમના જીવનમાં જીવંતતા લાવે છે. દાદા દાદી વાર્તા કહેવા અને માર્ગદર્શન દ્વારા શાણપણ આપે છે, પ્રેમાળ ક્ષણોને ઉત્તેજન આપે છે. નીપા તેના ટેરાકોટા શિલ્પોમાં આ સારને કેપ્ચર કરે છે, જે પેઢીઓ વચ્ચેના વિશેષ જોડાણને સુંદર રીતે દર્શાવે છે.

ગાર્ગી રાવલ તેના ઈન્સ્ટોલેશન 'ટેન્ડર ટોર્મેન્ટ' માં તીવ્ર ખિન્નતા દ્વારા ચિહ્નિત થયેલ પૂર્વ-ડિપ્રેસિવ સ્થિતિની શોધ કરે છે, આંસુ અને ભયને છૂપાવવાની લડાઈનું ચિત્રણ કરે છે. રોજિંદી પ્રવૃત્તિઓ દુઃખના આ વિસ્તૃત સમયગાળામાં ચાલુ રહે છે. વિડિયો કવિતા દ્વારા કલાકાર યોગ્ય રીતે સાહિત્યિક અને દ્રશ્ય રૂપકોને મર્જ કરે છે, કુશળતાપૂર્વક ભાવનાત્મક અશાંતિને નેવિગેટ કરે છે.

## હિન્દુ યુવા સંગઠન દ્વારા

# ઉના શહેરમાં અશાંત ધારો લાગુ પાડવાની માંગણી સાથે પ્રાંત અધિકારીને આવેદનપત્ર અપાયું




(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૭

હિન્દુ યુવા સંગઠન ભારતના જિલ્લા ઉપાધ્યક્ષ મહેશભાઈ બારીયા, તાલુકા પ્રમુખ અજયભાઈ બાંભણિયા, શહેર પ્રમુખ દીપકભાઈ પરમાર, શિવસેના તાલુકા પ્રમુખ દીપકભાઈ બાંભણિયા, શહેર પ્રમુખ નરેશભાઈ મજેઠીયા સહિત હિન્દુ આગેવાનો રાવણા વાડીએ ભેગા થઈ ઉના પ્રાંત કચેરીએ જઈ પ્રાંત અધિકારી, કલેકટરશ્રી, ગુજરાતના મુખ્યમંત્રી, ગૃહમંત્રી, ધારાસભ્ય, ઊના પોલીસ અધિકારીને લખેલ આવેદનપત્ર પ્રાંત અધિકારી ને આપી રજૂઆત કરી હતી કે ઊના શહેર ગીર સોમનાથ જિલ્લાનું નગર છે. ધર્મિક દ્રષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે. આ શહેર અને તાલુકા વિભિન્ન સંપ્રદાયોના લોકો રહે છે. વિવિધતામાં એકતા ભારતીય સંસ્કૃતિનું મૂળભૂત સૂત્ર છે. પરંતુ છેલ્લા પાંચથી સાત વર્ષથી હિન્દુ સંસ્કૃતિ અને સનાતન સમાજને લુપ્ત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. રેકર્ડ ઉપર જોતા છેલ્લા પાંચથી સાત વર્ષથી ૯૦ ટકા ઘટાડો અમુક વિસ્તારોમાં જોવા મળી રહ્યો છે. ઊના શહેરમાં ધોબી વાડો, મોચી વાડો, ભોંય વાડો, લાઈબ્રેરી ચોક, મોદેશ્વર સોસાયટી, માણેક ચોક, કૂચ કૂચ ફળીયા, પારેખ વાડો, લુહાર ચોક, ૮૦ ફૂટ રીંગ રોડ, તુલસીધામ સોસાયટી, મેઈન બજાર, ખાઈ બઝાર, મિલન ચોક, કાપડ બજાર, સોની બજાર, ગની માર્કેટ વિસ્તાર, સુગર ફેકટરી કોલોની, જશરાજ નગર, ઋષિતોયા સોસાયટી, અંબાજીનગર, ખોડીયારનગર, સાજણનગર, ભિમ્પરા, ધુધેશ્વરપરા, નદી કાંઠે, ગોલ્ડન પાર્ક, ગોલ્ડન સોસાયટી, જી .ઈ.બી. સોસાયટી, મારૂતિ પાર્ક, સિંધી સોસાયટી, દયાનંદ સોસાયટી, ગીરગઢડા રોડની ડાબી અને જમણી બાજુએ આવેલ તમામ સોસાયટી વિગેરે ઉક્ત થી વધુ વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરવા માગણી કરી છે. તેમજ જે વિસ્તારોમાંથી હિન્દુઓએ સ્થળાંતર કરેલ છે. અને અમુક લોકો ઊંચી કિંમતે ખરીદી કરતા હોય ત્યારે ન્યાયિક અવાજ ઉઠાવવો બંધારણીય અધિકાર છે. તેથી ઊના શહેર અને તાલુકામાં વહેલી તકે અશાંત ધારો લાગુ કરવા માંગણી કરતું આવેદન પત્ર આપ્યું હતું.

# ગાંધીનગરમાં લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેસ ફોરમ દ્વારા દ્વિતીય એક્ઝિબિશનનું આયોજન

**આ એક્ઝિબિશન હેલિપેડ સેન્ટર ગાંધીનગર ખાતે તારીખ ૧૮ થી ૨૧ જાન્યુઆરી દરમ્યાન યોજાશે : આ એક્ઝિબિશનમાં ૭૦૦થી વધુ વિવિધ પ્રકારના વેપાર, ઉત્પાદનો તેમજ સેવા અને સ્ટાર્ટઅપના સ્ટોલ જોવા મળશે**

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેસ ફોરમ દ્વારા દ્વિતીય એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ એક્ઝિબિશન હેલિપેડ સેન્ટર ગાંધીનગર ખાતે તારીખ ૧૮ થી ૨૧ જાન્યુઆરી દરમ્યાન યોજાશે. આ એક્ઝિબિશનમાં ૭૦૦થી વધુ વિવિધ પ્રકારના વેપાર, ઉત્પાદનો તેમજ સેવા અને સ્ટાર્ટઅપના સ્ટોલ જોવા મળશે.

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જ્ઞાતિના સભ્યોને તેમના વેપાર, ઉત્પાદનો તથા સેવાને યોગ્ય પ્રચાર પ્રસાર કરવાનો મોકો મળે એ ઉદ્દેશથી "લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેસ ફોરમ" ની રચના કરવામાં આવી છે. આ અંતર્ગત ગત વર્ષ યુગાન્ડા (આફ્રિકા) ખાતે પ્રથમ વૈશ્વિક એક્ઝિબિશનનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૨ દેશોમાં વસતા લોહાણા ભાઈ બહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત અનેક જ્ઞાતિ બંધુઓને સારી તકો પ્રાપ્ત થઈ હતી. આ અંગે વાત કરતા લોહાણા મહાપરીષદના પ્રમુખ સતીષભાઈ વિઠ્ઠલાણીએ કહ્યું કે, ગાંધીનગરમાં લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેસ ફોરમ દ્વારા દ્વિતીય એક્ઝિબિશનનું આયોજનનું આયોજન હેલિપેડ સેન્ટર ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. લોહાણા સમાજના તમામ લોકોને સાંકળીને આ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન પહેલા અમે જામનગરમાં મિટિંગ પણ રાખી હતી, જેના થકી અમે લોહાણા સમાજના દરેક વ્યક્તિ સાથે આ એક્ઝિબિશનની વાત પહોંચાડી રહ્યા છે. ગાંધીનગરમાં આયોજિત આ એક્ઝિબિશનમાં કુલ પાંચ ડોમ બનાવવામાં આવ્યા છે. જેમાં ૭૦૦થી વધુ વિવિધ પ્રકારના વેપાર, ઉત્પાદનો તેમજ સેવા અને સ્ટાર્ટ અપ માટેના સ્ટોલ બનાવવામાં આવશે. આ એક્ઝિબિશનમાં દેશ વિદેશમાંથી લોહાણા ભાઈ અને બહેનો મોટી સંખ્યામાં ભાગ લેશે તેવી અપેક્ષા છે. આ એક્ઝિબિશનનો ઉદ્દેશ આપણી જ્ઞાતિના લોકોને તેમના વેપાર, ઉત્પાદનો તથા સેવાઓ માટે વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે તેમણે વધુમાં કહ્યું કે, લોહાણા સમાજના યુવા ભાઈ-બહેનોમાં ખૂબ જ ટેલેન્ટેડ છે. ગુજરાત ઉપરાંત વિશ્વના તમામ દેશોમાં લોહાણા સમાજના લોકો આજે વસવાટ કરી રહ્યા છે. લોહાણા સમાજના ૧ હજારથી વધુ દિકરી અને દિકરાઓ સી.એ.ની ડિગ્રી ધરાવે છે, જેનો સમગ્ર લોહાણા સમાજને ખૂબ ગર્વ છે.

# શુક્રવારે ઉત્પત્તિ એકાદશીનું મહત્વ અને બોધ

કારતક વદ અગિયારસને શુક્રવાર તા ૮/૧૨/૨૦૨૩ ઉત્પત્તિ એકાદશી છે. ખાસ કરીને આ એકાદશી માટે નિયમ પ્રમાણે ગુરૂવારે રાત્રિનું ભોજન કરવું જોઈએ નહીં એટલે કે આગલા દિવસે રાત્રીએ પણ ફરાળ લેવું, આ દિવસે સવારના વહેલા ઊઠી નિત્ય કર્મ કરી અને વિષ્ણુ ભગવાન શ્રી કૃષ્ણ ભગવાનનું પૂજન કરવું, આખો દિવસ એકટાણું અથવા ઉપવાસ રહેવો, ભગવાનને નેવેદ્યમાં ફક્ત ફળોનો પ્રસાદ અને બદામ ધરાવવી બપોરના સૂવું નહીં રાત્રી ના ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરવું, સાંજના સમયે શ્રી કૃષ્ણ ભગવાનનું કીર્તન અને ભજન કરવા અથવા તો શ્રીકૃષ્ણ શરણમ મમ મંત્રના જપ કરવા ઉત્તમ રહેશે તથા એકાદશીની કથા સાંભળવી.

### એકાદશીની કથા

એકાદશીની વ્રત કથા : મુર નામના રાક્ષસે પ્રજાને રંજાડવા માંડી, દેવો પ્રજાની મદદ ગયા, જ્યોતિષ આચાર્ય રાજદીપ જોશીના જણાવ્યા અનુસાર મુરે દેવોને પણ ન છોડ્યા તેમનો પણ પરાજય કર્યો. ભગવાન વિષ્ણુ દેવોની મદદ કરવા આવ્યા પણ મુરે વિષ્ણુને પણ હરાવ્યા, વિષ્ણુ હારીને બદ્રિકાશ્રમ ચાલ્યા ગયા મુર તેમની પાછળ દોડ્યા ભગવાન એક ગુફામાં સૂતા હતા ત્યાં આ રાક્ષસ આવી પહોંચ્યો રાક્ષસ જેવો વિષ્ણુને મારવા જતો હતો ત્યાં જ વિષ્ણુ ભગવાનના દેહમાંથી એક દેવી ઉત્પન્ન થયા. તેમણે રાક્ષસને હણ્યો . દેવોને – પ્રજાને મુક્તિ અપાવી. આ દેવી તે જ ઉત્પત્તિ એકાદશી . . વિષ્ણુએ એકાદશીને કહ્યું : ' હું તારા પર પ્રસન્ન થયો છું . તારી ઈચ્છામાં આવે તે માંગી લે .' એકાદશીએ કહ્યુંઃ ' હું સર્વ તિથિઓમાં ઉત્તમ – સર્વ વિઘ્નને હરનારી તથા બળ આપનારી બનું . જે મનુષ્યો મારા દિવસે પરમ ભક્તિથી ઉપવાસ કરશે તેને સર્વ સિદ્ધિઓ મળશે.

### ઉત્પત્તી એકાદશીનો બોધ

ઉત્પત્તિ એકાદશીનો બોધ ઉત્પતિ એકાદશીનો બોધ :- જો તમે સાચું કાર્ય કર્તા હો સાચા લોકોની મદદ કરતા હો તેમાં કોઈપણ જાતની મુસીબત આવે તોપણ ડરવું નહીં અંતે સત્ય કાર્ય થઈને જ રહેશે એટલે કે સત્યનો વિજય થઈને જ રહેશે વિષ્ણુ ભગવાન પણ દેવતાઓની અને પ્રજાજનોની મદદ કરવા ગયેલા આથી અંતે વિષ્ણુ ભગવાનનો જ વિજય થયેલો આમ સત્યનો વિજય થાય જ છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

CMYK

# જૂનાગઢ : વાહન ચેકીંગ દરમ્યાન પશુપાલન મંત્રીનો નકલી પીએ ઝડપાયો









## પશુપાલન મંત્રીના બોગસ પીએ રાજેશ જયંતિભાઈ જાદવ નામનો શખ્સ મોટો ટોપીબાજ હોવાનું અને સૌરાષ્ટ્રભરમાં છેતરપીંડીના ગુન્હા તેની વિરૂધ્ધ નોંધાયેલ હોવાનું પોલીસની પ્રાથમિક પુછપરછમાં જ બહાર આવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ તાલુકા પોલીસે વાહન ચેકિંગ દરમ્યાન કારમાં પશુપાલન મંત્રીનો નકલી પીએ ઝડપી પાડ્યો હતો. તાલુકા પીએસઆઈ એસ.એ. ગઢવીએ રાત્રે સ્ટાફ સાથે સાબલપુર ચોકડી પાસે વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમ્યાન વડાલ રાજકોટ તરફથી આવેલ જીજે-૧૧-એસ-૬૬૩૧ નંબરની કારમાં એમએલએ ગુજરાત લખેલ બોર્ડ હોય જેથી પોલીસે કાર રોકીને વાહન ચાલકને તેનું નામ પૂછતા મેંદરડા તાલુકાના સીમાસી ગામનો વતની અને હાલ જૂનાગઢમાં વાડલા ફાટક પાસે આવેલ ગાર્ડન સિટી સોસાયટીમાં રહેતા રાજેશભાઈ જયંતીભાઈ જાદવ(ઉ.વ.૫૩) હોવાનું અને પોતે પશુપાલન મંત્રી પુરૂષોત્તમ સોલંકીના અંગત મદદનીશ હોવાનું કહ્યું હતું. કારની તલાસી લેતા તેમાં આગળના ભાગે એમએલએ ગુજરાત લાલ અક્ષરથી લખેલ અને કમળના નિશાનવાળું બોર્ડ તેમજ શર્ટના ખિસ્સામાંથી "મો.૯૭૨૩૨ ૦૯૧૭૦, રાજેશભાઈ જયંતીભાઈ જાદવ, જૂનાગઢ અંગત મદદનીશ, પુરૂષોત્તમભાઈ ઓ. સોલંકી મંત્રી-પશુપાલન ગુજરાત રાજ્ય ગાંધીનગર" લખેલ બે વીઝીટીંગ કાર્ડ પણ મળી આવ્યા હતા. આ મામલે પોલીસે તપાસ કરતા રાજેશ જાદવ પશુપાલન મંત્રીનો નકલી પીએ બની ડોળ કરતો હોવાનું જણાયું હતું. આથી પોલીસે આ ઈસમની ધરપકડ કરી તેની પાસેથી રૂપિયા ૫૦,૦૦૦ની કિંમતની કાર રૂપિયા ૫,૦૦૦નો મોબાઈલ ફોન એમએલએ ગુજરાત લખેલું બોર્ડ અને બે વીઝીટીંગ કાર્ડ વગેરે કબજે કરી ગુનો નોંધ્યો હતો. આ અંગે ડીવાયએસપી હિતેશ ધાંધલિયાએ જણાવ્યું હતું કે, આ શખ્સ માત્ર રોફ જમાવતો હોવાનું જણાયું હતું. આ શખ્સનો વ્યવસાય ખેતી હોવાનું જણાયેલ છે. આમ છતાં તેણે અત્યાર સુધીમાં ક્યાં ક્યાં રોફ જમાવ્યો અને કોઈની પાસેથી નાણા મેળવ્યા છે કે કેમ ? તે અંગે જીણવટભરી તપાસ અને પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

આ અંગે મળતી વધુ વિગત મુજબ જૂનાગઢ તાલુકા પોલીસે સાબલપુર ચોકડીએથી એમએલએ જૂનાગઢનું બોર્ડ લખેલી ગાડી રોકાવતાં પકડાયેલા પશુપાલન મંત્રીના બોગસ અંગત મદદનીશ રાજેશ જયંતિભાઈ જાદવ નામનો શખ્સ મોટો ટોપીબાજ હોવાનું અને સૌરાષ્ટ્રભરમાં છેતરપીંડીના ગુના તેની સામે નોંધાયાનું પોલીસની પ્રાથમિક પુછપરછમાં જ બહાર આવી ગયું છે.

તાલુકા પોલીસની પુછપરછમાં રાજેશ જાદવે જૂનાગઢના એ ડિવીઝન પોલીસ મથક વિસ્તારમાં છેક ૨૦૦૮ માં છેતરપિંડીનો ગુનો આચર્યો હતો. તો જૂનાગઢ કોર્ટમાં તેની સામે ચેક રિટર્નના ગુનાનો કેસ પણ પેન્ડિંગ છે. આ ઉપરાંત ઉપલેટામાં વર્ષ ૨૦૧૫ માં તેની સામે છેતરપિંડીના ૨ ગુના નોંધાયેલા છે. જ્યારે ધોરાજી પોલીસ સ્ટેશનમાં ૨૦૧૬ માં તેની સામે ખોટી ઓળખ આપીને બીજાને ડરાવવાનો ગુનો નોંધાયો હતો. આ અંગે તપાસનીશ પીએસઆઈ એસ.એ. ગઢવીએ જણાવ્યું હતું કે, પશુપાલન મંત્રીનો નકલી પીએ બની ડોળ કરવા સબબ પકડાયેલ રાજેશ જયંતિ જાદવને કોર્ટમાં રજુ કરી ૨ દિવસનાં રિમાન્ડ ઉપર મેળવવામાં આવેલ છે. તેણે મંત્રીનો અંગત મદદનીશ હોવાનું કહી કેટલા કામ કરાવ્યા ? તેમજ અત્યાર સુધીમાં કોઈ પ્રકારનો નાણાકીય લાભ મેળવ્યો છે કે કેમ? તે અંગે તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

## ભેંસાણના મોરવાડા ગામે ચાલતી જુગારક્લબ ઉપર પોલીસના દરોડા :૧૩ ઈસમોની ૧,૧૨,૭૦૦ની રોકડ સાથે અટક

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના મોરવાડા ગામે રહેણાંક મકાનમાં ધમધમતું મસમોટુ જુગારધામ પોલીસે પકડી પાડી બાબરા, જસદણ, ગોંડલ, રાજકોટ, અમરેલી પંથકના ૧૩ જુગારીઓની ૧,૧૨,૭૦૦ની રોકડ સાથે અટક કરી વાહનો વગેરે કુલ રૂપિયા ૧૧.૧૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ભેસાણ તાલુકાના મોરવાડા ગામે રહેતો નરેશ ભુપતભાઈ સોલંકી(ઉ.વ.૨૬) નામનો યુવાન તેના રહેણાંક મકાનમાં જુગારધામ ચલાવતો હોવાની બાતમી મળતા ભેસાણ પોલીસને સાથે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસે જુગારધામનો સંચાલક નરેશ સોલંકી તેમજ બાબરાના ધરાઈ ગામના કેતન હેમાભાઈ ગોહિલ, નિલેશ ભરતભાઈ પાઠક, અમરેલીના અલ્પેશ જેન્તીભાઈ ગઢીયા, જસદણના વિરાજ કિશોરભાઈ ચાવડા, અમરેલીના ચિતલ ગામના ભાનુભાઈ દેસાઈ, ગોંડલના દેરડી કુંભાજી ગામના કલ્પેશ છગનભાઈ વીરપરા, વિંજવડ ગામના રાજુ અરજણભાઈ ગરણીયા, મોટા ગજવા ગામના પ્રભાત જૈતાભાઈ ડાંગર, બાબરાના દેવળીયા ગામના વસંત બાબુભાઈ સોળિયા, હરેશ જોરુભાઈ રાઠોડ, અમરેલીના હિમાંશુ ભાવેશભાઈ વાડોદરા અને અમરેલી જિલ્લાના મોટી કુકાવાવના ગોવિંદ સંજયભાઈ જયસ્વાલને રૂપિયા ૧,૧૨,૭૦૦ની રોકડ સાથે રોન પોલીસનો જુગાર રમતા પકડી પાડ્યા હતા. પોલીસે ખેલીઓ પાસેથી રોકડ ઉપરાંત ૨ મોબાઈલ ફોન ૨ કાર મળી કુલ રૂપિયા ૧૧,૧૬,૨૦૦નો મુદ્દામાલ કબજે કરી તમામની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## વંથલી નજીક બોલેરોની ઠોકરથી બાઈક સવાર યુવાનને ઈજા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

વંથલી તાલુકાના ખોખરડા ફાટક પાસે સામેથી પુરપાટ ઝડપે આવી રહેલ જીજે-૦૬-એવી-૯૨૦૧ નંબરની બોલેરો ચાલક કેવલ મેવાડા રહે.મેંદરડાવાળાએ છકડો રિક્ષાની સાઈડ કાપતા જીજે-૧૪-બીઈ-૫૭૮૦ નંબરની બાઈક ઉપર સવાર રાજકોટના વેલનાથ પરામાં રહેતા વિનુભાઈ જેરામભાઈ સાવલિયા નામના યુવાનને બાઈક સહિત લગાવી હતી. અકસ્માતમાં વિનુભાઈ તેમજ તેમના ફુવા ભેસાણના સુરેશભાઈ બાલાભાઈ વાઘેલાને ઈજા થઈ હતી.

## માંગરોળમાં કુંડીમાં ડૂબી જતા બાળકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

માંગરોળમાં બાળકનું પાણીની કુંડીમાં ડૂબી જવાથી મોત થતાં અને એક યુવકે ગળેફાંસો ખાઈ લેતા અરેરાટી વ્યાપી ગઈ છે. માંગરોળમાં કેશોદ રોડ ઉપર આવેલ દાતાર મંઝીલ વિસ્તારમાં રહેતા ઈમરાનભાઈ ઉમરભાઈ ગુજરાતીનો દીકરો અફવાન (ઉ.વ.૩.૫) મંગળવારે બપોરના અરસામાં વાડીએ રમતો હતો. ત્યારે રમતા રમતા અચાનક તેનો પગ લપસતા પાણીની કુંડીમાં ખાબક્યો હતો. જેમાં તેનું ડૂબી જવાના કારણે કરૂણ મૃત્યું થયું હતું. આમ માસુમ બાળકનું અકાળે મોત નીપજતાં પરિવારમાં ગમગીની પ્રસરી ગઈ હતી.

**યુવકનો ગળેફાંસો ખાઈ આપઘાત**

માંગરોળ બંદર વિસ્તાર જૂની સાગર સોસાયટીમાં રહેતા ૩૯ વર્ષીય ડાયમંડ નારણભાઈ ચામુંડીયા નામના યુવકે આર્થિક સંકડામણ હોવાથી ડિપ્રેશનમાં આવીને ઈલેક્ટ્રીક પંખા સાથે દોરી વડે લટકીને ગળેફાંસો ખાયને આત્મહત્યા કરી લીધી હતી. આ અંગેની જાણ મૃતકનાં પિતા નારણભાઈ મેઘજીભાઈએ કરતા પોલીસે મૃતક યુવાનના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## જૂનાગઢ મનપા દ્વારા ઝાંઝરડા રોડ ઉપર ૯ દબાણો દુર કરી રસ્તો ખુલ્લો કરાવાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ મહાનગર પાલિકાની દબાણ શાખા તેમજ કેટલ પાઉન્ડ શાખા દ્વારા દબાણો દૂર કરવાની તેમજ રખડતા ભટકતા પશુને પકડવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ અંગે મનપાના જન સંપર્ક અધિકારીએ જણાવ્યું હતું કે,બુધવાર ૬ ડિસેમ્બરે શહેરના વિવિધ વિસ્તારોમાંથી રખડતા ભટકતા ૧૮ પશુને પકડી પાડવામાં આવ્યા છે. જ્યારે ૧૦ પશુ ઉપર આરએફઆઈડી ચીપ લગાવવામાં આવી છે. જ્યારે ૧૦ પશુને ગૌશાળામાં મોકલી અપાયા છે. જ્યારે શહેરના ઝાંઝરડા રોડ વિસ્તારમાં આવેલ સતવારા સમાજ પાસે ૯ જેટલા દબાણો કરવામાં આવ્યા હતા જેને દૂર કરી રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. હજુ પણ દરરોજ આ કામગીરીઓ ચાલુ રખાશે.

## જૂનાગઢ મનપા કચેરી ૯મી ડિસેમ્બર બીજા શનિવારે પણ કાર્યરત રહેશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

બીજો શનિવાર હોવા છતાં ૯ ડિસેમ્બરે મહાનગરપાલિકા કચેરી ચાલુ રહેશે. પરિણામે લોકો પોતાના કામકાજ માટે આવી શકશે.સામાન્ય રીતે બીજો અને ચોથા શનિવારે મહાનગર પાલિકા કચેરી બંધ રહેતી હોય છે.

જોકે, આ વખતે બીજા શનિવાર-૯ ડિસેમ્બરે કચેરી ધમધમતી રહેશે. કારણ કે,સરકારે દિવાળીની રજા જાહેર કરી હતી જેમાં કર્મચારીઓને સળંગ ૫ દિવસની રજાનો લાભ આપ્યોહતો તે માટે એડજસ્ટમેન્ટ કર્યું હતું. દિવાળી રજામાં ૧૧ નવેમ્બર બીજો શનિવાર અને ૧૨ નવેમ્બરે રવિવારની રજા હતી.વચ્ચે એક દિવસ ૧૩ નવેમ્બર- સોમવાર આવતો હતો. સોમવારે કચેરીઓ ખુલ્લી રાખવાની હોય છે. પછી ૧૪ નવેમ્બરે નૂતન વર્ષની અને ૧૫ નવેમ્બરે ભાઈબીજની રજા હતી.આમ, ૫ દિવસની રજામાં વચ્ચે ૧ દિવસ-સોમવારના કારણે રજાનો મેળ બગડતો હતો. પરંતુ જો વચ્ચે ૧ દિવસની રજાનું એડજેસ્ટમેન્ટ થાય તો કર્મચારીઓને સળંગ ૫ દિવસની રજા મળી શકે. ત્યારે રાજ્ય સરકારના સામાન્ય વહિવટ વિભાગના અધિક સચિવ(પ્રોટોકોલ) જવલંત ત્રિવેદીએ એક પરિપત્ર બહાર પાડી ૧૩ નવેમ્બર- સોમવારે પણ રજા જાહેર કરી હતી. જેના બદલામાં બીજો શનિવાર- ૯ ડિસેમ્બરે સરકારી તમામ કચેરીઓ ચાલુ રાખવા જણાવ્યું હતું.

## જૂનાગઢમાં નવેમ્બર માસમાં ૪૭૯ વાહનચાલકો સામે કાર્યવાહી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા નવેમ્બર માસમાં ડિટેઈન, કાળા કાચ, જરૂરી કાગળ વગરના વાહનો, ઓવર સ્પીડ સહિતના કુલ ૪૭૯ વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. તેની પાસેથી આરટીઓ તેમજ ટ્રાફિક પોલીસ દ્વારા કુલ રૂપિયા ૧,૪૧,૧૦૦ દંડ વસુલવામાં આવ્યો હતો. જૂનાગઢ ટ્રાફિક પીએસઆઈ પી.જે. બોદરએ જણાવ્યું કે, જૂનાગઢ શહેરમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા તેમજ બે- ફામ વાહન ચલાવતા લોકો સામે કાર્યવાહી કરવામાં આવે છે.

હાલ લગ્નગાળાની સિઝન હોવાથી શહેરના ઘણા વિસ્તારમાં ખરીદીને લઈને લોકોનો ભારે ધસારો જોવા મળે છે. તેવા વિસ્તારમાં લોકો આડેધડ વાહન પાર્ક કરીને ટ્રાફિકની સમસ્યા ઉભી કરતા હોય તેવા વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવે છે. ઉપરાંત નાનીવયના વિદ્યાર્થીઓ ઓવર-સ્પીડમાં વાહનો ચલાવતા હોય જેનાથી આકસ્મિક બનાવો બને જે ન બને તે માટે તેની સામે કાર્યવાહી થતી હોય છે. જેમાં નવેમ્બર મહિનામાં કુલ ૧૭ વાહનોને ડિટેઈન કરી રૂપિયા ૪૧,૩૦૦ નો દંડ તેમજ ડ્રિંક એન્ડ ડ્રાઈવના, વાહનોના લાઈસન્સ, પીયુસી, વીમો જેવા જરૂરી કાગળો ન હોય તેવા વાહનો, ટ્રાફિકને અડચણરૂપ વાહન પાર્ક કરેલ હોય, કાળાકાચ સહિતના કુલ ૪૬૨ વાહનચાલકોને ઝડપી કુલ રૂપિયા ૯૯,૮૦૦ નો દંડ ફટકાર્યો હતો. આમ, જૂનાગઢમાં નવેમ્બર માસમાં કુલ ૪૭૯ વાહનચાલકોને રૂપિયા ૧.૪૧ લાખનો દંડ ફટકાર્યો હતો.

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

## કેશોદ નગરપાલિકાનાં અધિકારીઓ જીલ્લા વિકાસ અધિકારીનાં આદેશને ઘોળીને પી ગયા



### કેશોદ નગરપાલિકાનાં બહુમાળી બિલ્ડીંગ માં રીનોવેશનનાં બહાને થતાં દબાણ વિરૂધ્ધ ફરિયાદ કરવા છતાં કોઈ પગલાં ન ભર્યા

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૭

કેશોદ નગરપાલિકા દ્વારા કેશોદ શહેરમાં મુખ્ય ચોક વિસ્તારમાં પાંચેક સ્થળોએ બહુમાળી બિલ્ડીંગ આવેલ છે જેમાં વાણિજ્ય હેતુ માટે દુકાનો ઓફિસો આવેલ છે. કેશોદ નગરપાલિકા દ્વારા આ તમામ મિલકત ભાડા કરારથી આપેલ છે ત્યારે તાજેતરમાં જુનાગઢ બહુમાળી બિલ્ડીંગ ઢસી પડતાં થયેલી જાનમાલની નુકસાની થતાં કેશોદ નગરપાલિકા સફાળી જાગી હતી અને શહેરમાં પચાસેક મિલ્કત ધારકોને નોટિસ આપી જર્જરિત હાલતમાં રહેલી બિલ્ડિંગનો ઈમલો ઉતારવા જાણ કરી હતી જેમાં કેશોદ નગરપાલિકા હસ્તકની શરદચોક વિસ્તારમાં આવેલી બે બિલ્ડિંગોનાં ભાડુઆત કબજેદાર દ્વારા સ્વખર્ચે જુનું બાંધકામ દુર કરી નવું બાંધકામ કરવા લેખિતમાં રજૂઆત કરવામાં આવતાં કેશોદ નગરપાલિકાનાં પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા લેખિતમાં આદેશ કર્યા વગર મૌખિક હયાત બાંધકામ મુજબ કરવા સહમતિ આપવામાં આવી હતી. કેશોદ નગરપાલિકા દ્વારા કોઈ જવાબદાર અધિકારી કે કર્મચારીને જવાબદારી સોંપવામાં ન આવતાં દલા તરવાડીની વાર્તા જેવી સ્થિતિ થતાં ભાડુઆત કબજેદાર દ્વારા લાગું પડતી ખુલ્લી જગ્યા ભેળવી મનફાવે તેમ દબાણ કરી લેતાં કેશોદ હિતરક્ષક સમિતિના કન્વીનર રાજુભાઈ પંડ્યાએ કેશોદ નગરપાલિકાનાં જવાબદાર અધિકારીઓને લેખિતમાં રજૂઆત કરી હતી આમ છતાં જવાબદાર સત્તાધિશો દ્વારા કોઈ પ્રકારની નક્કર કાર્યવાહી કરવામાં ન આવતાં તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં પ્રશ્ન રજૂ કરવામાં આવ્યા બાદ જુનાગઢ જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતા મળેલા કાર્યક્રમમાં કેશોદ નગરપાલિકાનાં ચીફ ઓફિસરને અરજદારને સાથે રાખી સ્થળ રોજકામ કરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હોવા છતાં કોઈ પ્રકારની નક્કર કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. કેશોદ હિતરક્ષક સમિતિના કન્વીનર રાજુભાઈ પંડ્યાને દબાણ થવાની સંભાવના જણાતી હોય ત્રણેક મહિના અગાઉ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી માંગવામાં આવેલી જે આપવામાં આવી નથી જે બાબતે અપીલ અધિકારી સમક્ષ અપીલ દાખલ કરી છે. કેશોદ નગરપાલિકાનાં શરદચોક વિસ્તારમાં આવેલા બહુમાળી બિલ્ડિંગમાં પૌરાણિક કુવો આવેલ હોય ત્યારે કુવામાંથી પીવાનાં પાણીનો ઉપયોગ જુના ગામતળનાં રહીશો કરી શકે તે માટે ચાર ફૂટનો આવવા જવાનો રસ્તો ચારે બાજુ રાખવામાં આવેલ હતો જે તાજેતરમાં લાગું પડતાં કબજેદારો દ્વારા ધારાધોરણ મુજબ કાર્યવાહી કર્યા વગર ભેળવી લીધી છે અને લેખિતમાં ફરિયાદ કરવા છતાં કેશોદ નગરપાલિકા સત્તાધિશો દ્વારા કોઈ પ્રકારની નક્કર કાર્યવાહી હાથ ધરવામાં ન આવતાં કેશોદ નગરપાલિકાને ઈરાદાપૂર્વક આર્થિક નુકસાન થયું હોય કેશોદ હિતરક્ષક સમિતિના કન્વીનર રાજુભાઈ પંડ્યાએ જવાબદાર સામે નગરપાલિકા અધિનિયમ હેઠળ પગલાં ભરવા ઉપલી કચેરીને ફરિયાદ નોંધાવવા કાર્યવાહી હાથ ધરી છે. કેશોદ નગરપાલિકા હસ્તકની બિલ્ડિંગોમાં નગર પંચાયતના સમયમાં પોસ્ટ ઓફિસ, આર્યુવેદિક દવાખાનું ઉપરાંત શૈક્ષણિક સામાજિક સંસ્થાઓ ને જ્ઞાતિ મંડળોને પણ જગ્યાઓ ફાળવવામાં આવેલ હતી જે વર્તમાન સમયમાં ખાલી જગ્યાઓ પર બેઠાથાળે કબજો કરવા લાગતાં વળગતા ની નજરમાં છે ત્યારે કેશોદ નગરપાલિકા દ્વારા કાયદેસરની વહીવટી પ્રક્રિયા કરવામાં આવશે કે કેમ એ તો આવનારાં દિવસોમાં ખબર પડશે.

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

